

# સરદારધામ

## વિશ્વ પાટીદાર સમાજ

સરદારધામ
સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ

વર્ષ-૭ • અંક-૧ • ૧, ઓગસ્ટ ૨૦૨૧

**એક વિચાર**



## ૭૫મા
## સ્વાતંત્ર્ય દિવસની શુભકામનાઓ



કાલુપુર બેંક

# ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.

સ્થાપના :૧૯૭૦

મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

સહકારથી સિધ્ધિ

**MSME ધિરાણ** ▶ 7.75*%

₹ ૧ કરોડ સુધીના ધિરાણ માટે (રેટીંગ આધારીત)

ઉચ્ચ અભ્યાસ અર્થે

**શૈક્ષણિક લોન** ▶ 7.25*%

**સ્થાવર મિલ્કત સામે ધિરાણ** ▶ 8.35*%

₹ ૧ કરોડથી વધુ ધિરાણ માટે (રેટીંગ આધારીત)

**ડૉક્ટર મિત્ર યોજના** ▶ 8.00*%

ધિરાણની મહત્તમ રકમ: રૂા.૧૫ કરોડ સુધી

**વેપાર મિત્ર યોજના** ▶ 8.00*%

ધિરાણની મહત્તમ રકમ: રૂા. ૧ કરોડ

**ગવર્મેન્ટ સીક્યુરીટી સામે ધિરાણ** ▶ 8.00*%

Loan Against LIC Policy, KVP,NSC.

**હોમ લોન** 6.75*%

For Home Loan Subsidy under PMAY available



'0' પ્રિ-પેમેન્ટ પેનલ્ટી

**કાર લોન** 7.30*%

@ design copper

Network 59 Branches 62 ATMs

1800 233 99999 (TOLL FREE )

www.kalupurbank.com

* શરતોને આધિન
* વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

હેડ ઓફિસ : ''કાલુપુર બેંક ભવન'', આશ્રમ રોડ, અમદાવાદ-૧૪.

ફોન નં.: ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬ • E-mail : info@kalupurbank.com

મિશન-૨૦૨૬ અંતર્ગત

# સરદારધામનાં 5 લક્ષ્ય બિંદુઓ

## બિલ્ડિંગ પ્રોજેક્ટ

(અંતર્ગત ૧૦૦૦ કરોડના ખર્ચે ૧૦૦૦૦ દીકરા-દીકરીઓ માટે પરવડે તેવા સુવિધાયુક્ત છાત્રાલયનું (ઈન્સ્ટિટ્યૂટ) નિર્માણ કરવું)

## GPSC / UPSC
## Defence / Judiciary
## સિવિલ સર્વિસ કેન્દ્ર

(અંતર્ગત ૧૦૦૦૦ દીકરા-દીકરીઓને વહીવટી સેવામાં મોકલવા)

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ (GPBS) ૨૦૧૮-૨૦-૨૨-૨૪-૨૬

## ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન (GPBO)

(પ્રથમ હરોળના ૧૦૦૦૦ ઉદ્યોગપતિઓનું સંગઠન)

## યુવા તેજ/તેજસ્વિની સંગઠન

(અંતર્ગત ૧૦૦૦૦૦ થી વધુ રાષ્ટ્રપ્રેમી યુવાઓનું સંગઠન)

# સરદારધામ
વિશ્વ પાટીદાર સમાજ

**તંત્રી**
ગગજી સુતરિયા

**પરામર્શક સમિતિ**
**એચ. એસ. પટેલ** (IAS, Retd.)
સી.ઈ.ઓ., સરદારધામ

**ટી.જી. ઝાલાવાડિયા**
ઉપપ્રમુખ, સરદારધામ

**સહતંત્રી**
ડૉ. જાગૃતિ જે. પટેલ
ઉપપ્રમુખ,સરદારધામ,
કન્વીનર, દીકરી સ્વાવલંબન યોજના

**સંપાદક**
કૃષ્ણકાંત જે. પટેલ

જાહેર ખબર વિભાગ :
7575001428



**નોંધ**
આ માસિકમાં છપાતા લેખ, જાહેરાત અને માહિતી જે તે લેખક કે કંપનીના છે તેની સાથે તંત્રી કે સંસ્થા સહમત છે તેવું માનવું નહીં. સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન. ન્યાયતંત્ર અમદાવાદ



**મુખ્ય કાર્યાલય**
**સરદારધામ**
એસ. પી. રીંગ રોડ,
વૈષ્ણોદેવી સર્કલ,
અમદાવાદ-૩૮૨૪૨૧

ફોન : ૭૫૭૫૦૦૧૫૪૮/૯૬/૯૭, ૭૫૭૫૦૦૧૪૨૮/૩૮
ઇ-મેલ: info. sardardham@gmail.com
વેબસાઇટ : www.sardardham.org
ટ્રસ્ટ રજી. નં. ઈ/૨૦૯૨૪/અમદાવાદ



Printed, Published by **GAGJIBHAI G. Sutariya** on behalf of **SARDARDHAM** and **Published from** Near Royal Heights, S.P. Ring Road, Vaishnodevi Circle, Ahmedabad-382421
**Editor-GAGJIBHAI G. Sutariya**


## તંત્રીલેખ

# જાહેરક્ષેત્રની નોકરીની અગત્યતા

લોકશાહી દેશમાં ચૂંટાયેલા સભ્યો અને વહીવટી તંત્રમાં અધિકારીઓ મુખ્યત્વે જાહેરક્ષેત્રના મહત્વનાં અંગો ગણાય. જાહેરક્ષેત્રે કોઈપણ નિર્ણય લેવાય અગર તો નિર્ણયનો અમલ થાય, કોઈ લાભો પ્રજાને આપવાના થાય, સરકારની કોઈ પણ યોજનાનો અમલ કરવાનો થાય તે સરકારી અર્થાત્ જાહેર ક્ષેત્રના કર્મચારીઓ કે અધિકારીઓ ફરજ બજાવતા હોય છે તેમજ દેશની કે રાજ્યની નીતિઓ નક્કી કરવાની થાય તો આ નીતિઓ ઘડવામાં પણ સરકારી અધિકારીઓ તેમજ કર્મચારીઓનો મહત્વનો ફાળો હોય છે. કોઈપણ રાજ્ય સરકારની કોઈપણ યોજનાનો લાભ કે અમલ અસરકારક રીતે થાય તે માટે સરકારી નોકરીઓમાં કલાર્કથી માંડીને IAS સુધી, કોન્સ્ટેબલથી માંડીને IPS સુધી અને રેવન્યુ કલાર્કથી માંડીને IRS સુધીના દરેક તબક્કે સમાજના યુવાનો મોટે પાયે સરકારી નોકરીમાં દાખલ થાય તો પ્રજાનો અવાજ, યોજનાઓનો અસરકારક લાભ, કાયદો અને વ્યવસ્થાનો સમતલ અમલ થાય.સમાજના વિવિધ વર્ગોએ સમાજના યુવાનોને રાજ્યક્ષેત્રે,GPSC ક્લાસ ૧-૨ થી માંડી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે તેમજ રાષ્ટ્ર લેવલે IAS, IPS વધારે પ્રમાણમાં નીમાય તે માટેની તૈયારી માટે તમામ સંસ્થાઓ અદ્યતન તાલીમ સંસ્થાએ વિદ્યાર્થીઓની જરૂરીયાતોને ધ્યાને રાખી ચલાવવી ખૂબ જ જરૂરી છે. આ દિશામાં સરદારધામે અમદાવાદમાં UCDC (ઉમિયા કેરિયર ડેવલપમેન્ટ કાઉન્સિલ,સોલા) તથા નિકોલ ખાતેના કેળવણીધામ સાથે MOU કરી અને અદ્યતન UPSC-GPSC અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની ભરતી માટે અદ્યતન તાલીમ કેન્દ્રો ઉભા કર્યા છે. સરદારધામનાં પ્રયત્નોથી કેળવણીધામ ખાતે ચાલતા તાલીમ કેન્દ્રમાંથી છેલ્લા અઢી-ત્રણ વર્ષમાં ૬૯૦ દીકરા-દીકરીઓ સરકારી સેવામાં જોડાયા છે. જેમાં ઇન્ડિયન રેવન્યુ સર્વિસ, ઇન્ડિયન ઇન્ફોર્મેશન સર્વિસ પાસ કરીને જોડાયા છે. ૧૬ કલાસ-૧ અધિકારીઓ, ૨૨૦ કલાસ-૨ અધિકારીઓ અને ૪૫૪ વર્ગ-૩ ના કર્મચારીઓનો સમાવેશ થાય છે. સમાજના દરેક ગ્રેજ્યુએટ યુવાનોને અમારું સરદારધામનું આહ્વાન છે કે તમે સરદારધામમાં ચાલતા તાલીમ કેન્દ્રમાં સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો માટે વખતે લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષામાં અચૂક ફોર્મ અને તેનો પૂરેપૂરો લાભ લઈ શકાય તેવા પ્રયત્નો કરો. સરદારધામ ખાતે તાલીમ કેન્દ્રમાં ૧ નિવૃત IAS અધિકારીની દેખરેખ હેઠળ ૪૦૦થી વધુ દીકરા-દીકરીઓ તાલિમ લઈ રહ્યા છે. જેમાં ૯૫૦ થી વધારે વિદ્યાર્થીઓ બેસી શકે તેવી કમ્પ્યૂટર સાથેની એ.સી. લાઇબ્રેરીની સુવિધા ઉપલબ્ધ છે. જેમાં ૫૦૦૦થી વધારે વીડિયો અને ૧૦૦૦૦થી વધારે બુક્સ ઉપલબ્ધ છે. અલગ-અલગ ડિસ્કશનરૂમ અને કન્યા અને કુમાર બન્ને થઈને ૭૦૦ વિદ્યાર્થીઓ એકસાથે જમી શકે તેવો ડાઇનિંગ એરિઆ, કુમાર-કન્યા બન્ને માટે અલગ-અલગ જિમ, હેલ્થકેર સેન્ટર, કાફેટેરિયા, મોક ઇન્ટરવ્યૂ માટે રૂમ, કાઉન્સેલિંગ સેન્ટર, ૧૦૦ વિદ્યાર્થી એકસાથે બેસી શકે તેવા ૪ આધુનિક ઇ-ક્લાસરૂમ, દીકરા-દીકરીઓ આરામથી રહી શકે તેવા એટેચ્ડ ટોઇલેટ અને બાથરૂમ સાથેનાં સગવડવાળાં ૪૦૦ રૂમની સગવડ, ૧૦૦૦ વ્યક્તિઓ એક સાથે કાર્યક્રમ માણી શકે તેવા ૨ હૉલની વ્યવસ્થા, ૪૫૦ વિદ્યાર્થી બેસી શકે તેવા અદ્યતન ઑડિટોરિયમની વ્યવસ્થા કરેલ છે. દરેક સમાજનાં પ્રમુખ-મંત્રીઓને વિનંતી કે તેઓ પોતાના સમાજનાં દરેક દીકરા-દીકરી સુધી આ માહિતી પહોંચાડે અને સમાજના વધુમાં વધુ દીકરા-દીકરીઓ આ વ્યવસ્થાનો લાભ લઇ સરકારી નોકરીઓમાં જોડાય.

આપનો કલ્યાણકારી મિત્ર,
**ગગજી સુતરિયા**

# અનુક્રમણિકા


| શીર્ષક | લેખક | પાના નં. |
|---|---|---|
| અવિસ્મરણીય નવીનતમ નજરાણું એટલે સરદારધામ-અમદાવાદ | ટીમ સરદારધામ | ૦૬ |
| ધીમું ગાડું લાંબું ચાલે | રાજમોહન ગાંધી | ૦૯ |
| જીવનની સફળતા | સ્વામી સચ્ચિદાનંદ | ૧૩ |
| લોકોપયોગી માર્ગદર્શન | એચ. એસ. પટેલ | ૧૬ |
| પિતાની કમાણીને વેડફવાને બદલે વાપરતા શીખવું | શૈલેષભાઈ સગપરિયા | ૨૦ |
| ઇગ્નાઇટર વિંગનું લોન્ચિંગ | ટીમ જી.પી.બી.ઓ. યુથ અમદાવાદ | ૨૩ |
| ગ્રામસ્વરાજ | ગાંધીજી | ૨૪ |
| પરોઢિયે કલરવ | પદ્મશ્રી ગુણવંત શાહ | ૨૮ |
| સૌથી સુરક્ષિત માતાનું દૂધ | વૃંદા મનજીત | ૩૨ |
| માન આપો તો માન મળશે | સુધા મૂર્તિ | ૩૮ |
| શિક્ષણ,સામાજિક અનિષ્ટોનું અમોઘ ઔષધ | સ્વામી વિવેકાનંદ | ૪૧ |
| રમત-ગમત ક્ષેત્રે ગુજરાતનું ગૌરવ | ટીમ સરદારધામ | ૪૫ |


## ટીમ સરદારધામ


**ઉપપ્રમુખ**
નટુભાઈ એમ. પટેલ
દિલીપભાઈ એમ. પટેલ - ઉત્તર ગુજરાત
(માનદ્ મંત્રી-ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા)
પારૂલભાઈ એલ. પટેલ - મધ્ય ગુજરાત
CA વિષ્ણુભાઈ વી. પટેલ - ઉત્તર ગુજરાત
જશવંતભાઈ એ. પટેલ
કાંતિભાઈ એલ. ગઢિયા
કાનજીભાઈ કે. પટણી - મુંબઈ ઝોન
દિયાળભાઈ કે. વાઘાણી - દક્ષિણ ગુજરાત
પરેશભાઈ એમ. ગજેરા - સૌરાષ્ટ્ર ઝોન
ટી. જી. ઝાલાવાડિયા (DY.MC-Retd.)
પ્રો. ડો. જાગૃતિબેન જે. પટેલ - કન્વીનર,દીકરી સ્વાવલંબન યોજના

**મંત્રી**
CA બી. કે. પટેલ - માનદ્ મંત્રી
જગદીશભાઈ વી. ભુવા - નાણામંત્રી
રમેશભાઈ એ. પટેલ - મધ્ય ગુજરાત
સંજયભાઈ કે. સવાલિયા - બાંધકામ
ભરતભાઈ એચ. રાદડિયા - સમાજ સુરક્ષા
કાંતિભાઈ એમ. ભાવાણી - મુંબઈ ઝોન
મંગળદાસભાઈ જે. પટેલ - ઉત્તર ગુજરાત
મહેન્દ્રભાઈ એલ. પટેલ - સામાજિક સંકલન
મહેન્દ્રભાઈ કે. ફળદુ - સૌરાષ્ટ્ર ઝોન
હર્ષદભાઈ જે. પટેલ - સંગઠન મંત્રી

**સહનાણામંત્રી - GPBO - યુથ કન્વીનર**
ભાવિનભાઈ આર. પટેલ

**ઔદ્યોગિક સંકલન મંત્રી**
કે. આઈ. પટેલ
વિપુલભાઈ વી. ગજેરા (ભરૂચ-અંકલેશ્વર)
કિશોરભાઈ વી. વિરમગામા
અબજીભાઈ કે. ધોળુ
ઘનશ્યામભાઈ સી. બોરડ - મધ્ય ગુજરાત
કાંતિભાઈ વી. ભુવા
(નડિયાદ, આણંદ, વલ્લભવિદ્યાનગર)
જશવંતભાઈ એસ. પટેલ

**માર્ગદર્શક**
રામજીભાઈ એસ. ઈટાળિયા - દક્ષિણ ગુજરાત
કાંતિભાઈ વી. ઉકાણી
કાંતિભાઈ એન. પટેલ (રામ)
ડો. દશરથભાઈ વી. પટેલ - ઉત્તર ગુજરાત
નારાયણભાઈ વી. પટેલ - મધ્ય ગુજરાત
છગનભાઈ એચ. આરદેશણા - મધ્ય ગુજરાત
નાથાભાઈ એમ. કાલરિયા - સૌરાષ્ટ્ર ઝોન
મહેન્દ્રભાઈ વી. ગજેરા - સૌરાષ્ટ્ર ઝોન

**સી.ઈ.ઓ.**
એચ. એસ. પટેલ IAS (Retd.)

**એડવાઈઝર - સમાજ સુરક્ષા**
ડી. જે. પટેલ IPS (Retd.)

**સિવિલ સર્વિસ કેન્દ્ર**
સી. એલ. મીના IAS (Retd.) - ડાયરેક્ટર
વી. એમ. સોનાવણે IAS (Retd.)
(ડાયરેક્ટર મધ્ય ગુજરાત)
જે. કે. પટેલ (માનદ્ સલાહકાર - રાજકોટ)
શૈલેષભાઈ સગપરિયા
(માનદ્ સલાહકાર -રાજકોટ)

**સંયોજક**
મનોજભાઈ ટી. ડોબરિયા

**પ્રોજેક્ટ ચેરમેન**
એમ. બી. ભાલાળા

**પ્રોજેક્ટ ઈન્ચાર્જ**
રામભાઈ એમ. શેલડિયા

**પ્રમુખ સેવક**
ગગજી જી. સુતરિયા

## ટીમ સરદારધામ

વિપુલ સાચપરા, પ્રભારી દક્ષિણ ગુજરાત,
સુરત

# અવિસ્મરણીય નવીનતમ નજરાણું એટલે સરદારધામ-અમદાવાદ

પાટીદાર સમાજના યુવાનોનાં ઉજ્જવળ અને મજબૂત ભવિષ્ય માટે અદ્દભુત, અલૌકિક, અદ્વિતીય, અવિસ્મરણીય નવીનતમ નજરાણું એટલે સરદારધામ - અમદાવાદ

**રાહ સંઘર્ષ કી જો ચલતા હૈ,**
**વો હી સંસાર કો બદલતા હૈ,**
**જિસને રાતોં સે જંગ જીતી,**
**સૂર્ય બનકર વહી નીકલતા હૈ...**

વર્તમાન સમયમાં આ ઉક્તિ સાર્થક કરતી સંસ્થા વિશે આજે આપણે જે વાત કરવા જઈ રહ્યા છીએ એ કોરોનાના કપરા કાળમાં જ્યારે બધા જ વ્યાપાર-ઉદ્યોગ ઠપ્પ હતા ત્યારે પણ આ સંસ્થાના નિર્માણનું કાર્ય નિર્વિઘ્ને ચાલતું રહ્યું હતું. ફક્ત ચાલતું રહ્યું જ નહિ પણ આખું ૧૩ માળનું ભવ્ય બિલ્ડિંગ લોકાર્પણ માટે તૈયાર થઈ ગયું. જેમ સવાર પડે અને સૂર્ય એક નવું કિરણ લઈને બહાર નીકળે તેમ આ બિલ્ડિંગ પાટીદાર સમાજના યુવાનો માટે એક નવીનતમ, અવિસ્મરણીય નજરાણું બનીને ઉપસી આવ્યું છે. સરદારધામ સંસ્થા "સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ" ના સ્લોગન સાથે રાષ્ટ્રની સુખાકારી અને યુવા શકિતના સર્વાંગી વિકાસ માટે કાર્ય કરવા કટિબદ્ધ અને સંકલ્પબદ્ધ છે. પરંતુ કોઈપણ કાર્ય કે લક્ષ ફક્ત વાતો કે વિચારોથી સાર્થક કરી શકાતું નથી. તેના માટે ચોક્કસ મિશન- વિઝન- ગોલ-રોડમેપ નક્કી કરવો પડે છે. આ નિયમાનુસાર આ સંસ્થા દ્વારા આગામી ૧૦ વર્ષ એટલે કે મિશન-૨૦૨૬ અંતર્ગત નીચેના ૫ લક્ષબિંદુઓ આધારિત રોડમેપ નક્કી કરવામાં આવ્યો છે.

૧) બિલ્ડિંગ પ્રોજેક્ટ- રૂ.૧ હજાર કરોડના ખર્ચે ૧૦ હજાર દીકરા- દીકરીઓ માટે ૪ ઝોનમાં પરવડે તેવા છાત્રાલય બનાવવા.

૨) GPSC- UPSC- Defence-Judiciary (સિવિલ સર્વિસ કેન્દ્ર) ૧૦ હજાર દીકરા-દીકરીઓને તાલીમ આપીને



વહીવટી સેવામાં મોકલવા.

૩) GPBO (ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઇઝેશન) - પ્રથમ હરોળના ૧૦ હજાર બિઝનેસમેનોનું સંગઠન બનાવવું. જે પરસ્પર એકબીજાને ઉપયોગી થઈ વેપાર-ઉદ્યોગ કરી શકે.

૪) GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ)- બિઝનેસમેનો પોતાની પ્રોડક્ટનું બ્રાન્ડિંગ- - માર્કેટિંગ- લોન્ચિંગ કરી શકે તે માટેનું પ્લેટફોર્મ પૂરું પાડવું. જેમાં ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૧૮ની મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે, ૨૦૨૦ની હેલિપેડ ગ્રાઉન્ડ ગાંધીનગર ખાતે કરવામાં આવી. જ્યારે આગામી ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ ૨૦૨૨ -સુરત ખાતે, ૨૦૨૪ની રાજકોટ ખાતે, ૨૦૨૬ની યુ.એસ.એ. ખાતે કરવામાં આવશે.

૫) યુવા તેજ-તેજસ્વિની- જેમાં હાલ ૧ લાખ જેટલા રાષ્ટ્રવાદી વિચારો ધરાવતા ભાઇ-બહેનો જોડાઈ ચૂક્યા છે. સરદારધામ સંસ્થાના પહેલા લક્ષબિંદુ અંતર્ગત ભાવનગર ખાતે ૧૦૦ કરોડના ખર્ચે ૧૦૦૦ દીકરા-દીકરીઓ માટે હૉસ્ટેલ પ્રોજેક્ટનું કામ શરૂ થઈ ગયેલ છે. જે આગામી વર્ષમાં પૂર્ણ થશે. એવી જ રીતે અમદાવાદ ખાતે ૨૦૦ કરોડનો પ્રોજેકટ ૧૬૦૦ દીકરા-દીકરીઓ માટે લોકાર્પણ માટે તૈયાર છે. ત્યાં જ બાજુમાં ૨૫૦૦ દીકરીઓ માટેના છાત્રાલય માટેની જમીન લેવાઈ ચુકી છે. ટૂંક સમયમાં તેનું ભૂમિપૂજન કરવામાં આવશે. આગામી આયોજન રૂપે રાજકોટ, મુંબઈ તેમજ સુરત ખાતે પણ સરદારધામ નિર્માણાધીન થશે.

એક સંસ્થા માટે એકસાથે ખૂબ જ ટૂંકા સમયમાં આટલા મોટા આયોજનો સૌને નવાઈ પમાડે તેવા છે. પણ જ્યાં ચાહ છે ત્યાં રાહ પણ છે એ નાતે આ સંસ્થા સફળતાનાં આયામો સર કરીને ખૂબ ટૂંકા ગાળામાં બધી સંસ્થાઓથી અલગ ઓળખ મેળવવામાં સફળ થઈ છે. ત્યારે તેના અમદાવાદ ખાતેના ભવનને જોઈને અભિભૂત થઇ જવાય અને અદ્દભુત જેવા ઉદ્દગાર નીકળે તેવા ભવનની વિશેષતાઓ અને સુવિધાઓની વાત કરવી જ રહી. દૂર રસ્તા પરથી જ ભવ્ય ૧૩ માળની બિલ્ડિંગ પર દેખાતો રાષ્ટ્રની શાન સમાન લહેરાતો ૫૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ. સરદાર પટેલ રીંગ રોડ પર આવેલા ભવનના એન્ટ્રી ગેટમાં અંદર જતા જ ભારતની આન-બાન અને શાન એવાં લોખંડી પુરૂષ સરદાર સાહેબની વિશ્વની બીજી ઉંચાઇ ધરાવતી ૫૦ ફૂટની પ્રતિમા. કોઇ ૫ સ્ટાર હોટેલ કે મોટા કોર્પોરેટ હાઉસ જેવું ભવ્ય સ્વાગત કક્ષ. તેની ભવ્યતામાં વધારો કરતી હાઈટેક મોટી સાઇઝની LED, સ્વાગત કક્ષમાં અલગ અલગ દાન પ્રમાણે લગાવેલ દાતાશ્રીઓના નામની તકતીઓ સાથે ખૂબ સુંદર રિસેપ્સન એરિયા આવેલ છે. આખા બિલ્ડિંગમાં આવેલી સુવિધાની ટૂંકમાં કે શબ્દોમાં તો વાત કરવી શક્ય જ નથી તોય વાત કરીએ તો UPSC- GPSC (સિવિલ સર્વિસ કેન્દ્ર) ના વિદ્યાર્થીઓ માટે ૯૫૦ સીટની ૫૦૦૦ વીડિયો ને ૧૦૦૦૦ બુક્સ ઈન્સ્ટોલ કરેલી ઈ-લાઇબ્રેરી, ફિઝિકલ ૧૦ હજાર બુક્સ સાથેનું વાંચનાલય, વિદ્યાર્થીઓ માટે ૪ ડિસ્કશન રૂમ, મોક ઈન્ટરવ્યૂ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે ૨ ઈન્ટરવ્યૂ રૂમ, કન્યા ને કુમાર બંને થઈને ૭૦૦ વિદ્યાર્થીઓ એકસાથે જમી શકે તેવો ડાઈનિંગ એરિયા, હાઈટેક ઈન્ડકશન આધારિત દોઢ કરોડનો કીચન એરિયા, કન્યા-કુમાર માટે અલગ-અલગ જિમ, હેલ્થકેર સેન્ટર , કાફેટેરિયા, સ્ટુડન્ટ કાઉન્સેલિંગ સેન્ટર, વિદેશ અભ્યાસ તાલીમ કેન્દ્ર, ૧૦૦ વિદ્યાર્થીઓ એકસાથે બેસી શકે તેવા અદ્યતન ટેકનોલોજીવાળા ૪ ઈ-ક્લાસરૂમ, દીકરા-દીકરીઓ માટે એક રૂમમાં ચાર વિદ્યાર્થી આરામથી ઘર જેવી સગવડ ભોગવી શકે તેવી વ્યવસ્થા વાળા ૪૦૦ રૂમની સગવડ છે. તેમજ ૧૦૦૦ વ્યક્તિઓ એકસાથે કાર્યક્રમ માણી શકે તેવાં ૨ હોલની વ્યવસ્થા કરવામાં આવી છે. ૪૫૦ લોકો બેસી શકે તેવું અદ્યતન સ્ટેજ તેમજ લેડીઝ-જેન્ટ્સ માટેના ગ્રીન રૂમ સાથેનું ઑડિટોરિયમ, ઉદ્યોગ સાહસિકો માટે GPBOનો વિશાળ હોલ, GPBO સેન્ટરમાં ૮૦ લોકો બેસી શકે તેવો હોલ, પી ૨ પી મિટિંગ ચેમ્બર, GPBO-GPBS કાર્યાલય, યુવા તેજ-તેજસ્વિની કાર્યાલય, ઉદ્યોગ તાલીમ કેન્દ્ર હોલની પણ સગવડ છે. તે ઉપરાંત ૬૦ થી ૭૦ તેમજ ૧૫ થી ૨૦ લોકોની મિટિંગ થઈ શકે તે માટેના ૨ કોન્ફરન્સ હોલ, ૧૦ થી ૧૨ વી.આઇ.પી. બેસી

શકે તે માટે વી.આઇ.પી. લૉન્જ પણ છે. આ બિલ્ડિંગમાં ગુજરાતમાં પહેલી વાર મુકાયેલા એવા સોલર પ્લાન્ટની પણ વ્યવસ્થા કરેલ છે. ૧૩ માળના બિલ્ડિંગમાં ૧૧ તો લિફ્ટ આવેલી છે. ૫૦ રૂમ તો ટ્રસ્ટીશ્રી વિશ્રામગૃહ માટે ફાળવેલ છે.હાલ જ્યારે કોરોના કાળની પરિસ્થિતિમાં આ ભવનનું લોકાર્પણ સંભવ નથી. ત્યારે પણ હજારોની સંખ્યામાં અલગ અલગ ઝોનવાઈઝ, તાલુકાવાઈઝ, જિલ્લાવાઈઝ અલગ અલગ ઈન્ડસ્ટ્રીઝના લોકો સરકારની કોરોના ગાઈડ લાઈનને અનુસરીને તેની દર રવિવારે વિઝિટ લઈ રહ્યા છે. પાટીદાર જ નહી પણ બીજી અલગ અલગ સંસ્થાના અને ઈન્સ્ટિટ્યુટના લોકો પણ પાટીદાર સમાજના આ કીમતી દાગીનારૂપ ભવનની મુલાકાત લઈ રહ્યા છે અને પોતાના વાહ , અદ્દભુતના ઉદ્દગારોનો પ્રેમ વરસાવી રહ્યા છે.

સરદારધામની વધુ એક વિશેષતા નહિ પણ ઉદારતાની વાત કરીએ જે તેને બીજી સંસ્થાઓથી અલગ પાડે છે. આ સંસ્થામાં ત્યાં રહેતી તમામ દીકરીઓ માટે રહેવા- જમવા- તાલીમ- માર્ગદર્શનની વ્યવસ્થા વાર્ષિક માત્ર રૂ. ૧ ના ટોકનદરથી આપવામાં આવે છે. જ્યારે દીકરાઓને ૩ યોજના અંતર્ગત એટલે કે જે વિદ્યાર્થીના વાલીની આવક રૂ. ૨ લાખથી વધુ હોય તેની ફી રૂ.૨૦ હજાર, જેના વાલીની આવક રૂ. ૨ લાખથી ઓછી હોય તેની ફી રૂ. ૧૦ હજાર ને જે વિદ્યાર્થીના વાલીની આવક રૂ. ૧ લાખથી ઓછી હોય ને દીકરો તેજસ્વી હોયતો તેને રૂ.૧ ના ટોકનદરથી પ્રવેશ અપાય છે. આવી દિલદારી અને ખુમારી તો એક પાટીદારની સંસ્થામાં જ હોઈ શકે. હકીકતમાં તો દરેક વિદ્યાર્થી દીઠ સંસ્થાને વાર્ષિક ખર્ચ રૂ ૫૧૦૦૦ આવે છે. સંસ્થાની આવી ઝિંદાદિલી અને ખુમારી સામે પાટીદાર તરીકે આપણી પણ ફરજ બને છે કે આવી સંસ્થાઓ સારી રીતે કામ કરી શકે તે માટે તેમાં તન-મન-ધનથી ઉપયોગી થઈ તેને પીઠબળ પૂરું પાડીએ અને ખોટા રીત-રિવાજોમાંથી પૈસા બચાવીને જીવતા જાગતા આ વિદ્યાના મંદિરમાં રોકાણ કરીએ જ્યાં આપણી ભાવિ પેઢીના ભવિષ્યનું નિર્માણ થઇ રહ્યું છે.

આવી સંસ્થાઓની વાત છેવાડાના લોકો સુધી પહોંચી શકે તેમજ મહત્તમ લોકો તેનો લાભ લઇ શકે તે ઉદ્દેશથી આ લેખ લખવા હું પ્રેરિત થયો છું. ખરેખર કહું તો આ ભવ્ય ભવનની મુલાકાત લઈને માત્ર આ ખૂબીઓ જાણવાની નહીં પણ સમજવાની અને માણવાની મજા લેવા જેવી છે. આપ પણ વધુ ને વધુ મિત્રમંડળ, વેપારીમંડળ સાથે અહી મુલાકાત લઈ શકો છો અને ગુજરાતની અજાયબીઓમાંથી એક નવતર અજાયબી જોવાનો અલૌકિક આનંદ મેળવી શકો છો.





# ધીમું ગાડું લાંબું ચાલે



**રાજમોહન ગાંધી**
જાણીતા રાજનીતિજ્ઞ અને ગાંધીજીના પૌત્ર

મુંબઈના બીજા રહેવાસી જિન્નાહ પણ સત્તા મેળવવાની તક અંગે વલ્લભભાઈ જેટલા જ સજાગ હતા. તેમની રાહબરી તળે મુસ્લિમ લીગે મુંબઈ ધારાસભામાં મુસલમાનો માટેની ૩૦ બેઠકોમાંથી ૨૦ બેઠકો જીતી લીધી હતી, અને આખા દેશમાં થઈને ૧૦૮ બેઠકો મેળવી હતી. મે મહિનામાં જિન્નાહે “હિંદુ – મુસ્લિમ એકતા” અંગેનું કહેણ મોકલ્યું ત્યારે તેમના મનમાં કોંગ્રેસ-લીગની સંયુક્ત સરકારોનો ખ્યાલ હતો. આને પરિણામે દરેક પ્રાંતના પ્રધાનમંડળ અંગે બોલવાનો અધિકાર જિન્નાહને મળવાનો હતો. તેને લીધે કોંગ્રેસી મુખ્ય પ્રધાનોના સ્વેચ્છાધિકાર પર મર્યાદા મુકાઈ જાય અને વલ્લભભાઈ, જવાહરલાલ, આઝાદના પ્રભાવમાં ઘટાડો થાય. તેથી ગાંધીજીએ જિન્નાહની વાત સ્વીકારી નહીં. વળી કોંગ્રેસે હજી હોદ્દો સ્વીકારવાનું ઠરાવ્યું ન હતું.

જુલાઈમાં કોંગ્રેસ પ્રધાનમંડળો રચશે તેવું સ્પષ્ટ થયું ત્યારે જિન્નાહે પોતાની દરખાસ્ત ફરી પાછી રજૂ કરી. મુખ્ય પ્રધાન ખેર અને તેમના પ્રધાનમંડળમાં કાયદો અને વ્યવસ્થા સંભાળનાર મુનશીને તેમણે અલગ અલગ રીતે જણાવ્યું કે “આપણે – કોંગ્રેસ અને મુસ્લિમ લીગે – સાથે મળીને કામ કરવું જોઈએ.” જિન્નાહ, ખેર અને મુનશી એકબીજાને ઘણી સારી રીતે ઓળખતા હતા કારણ કે આ ત્રણે મુંબઈની અદાલતમાં જાણીતા વકીલો હતા. મુનશીએ નોંધ્યું છે, જિન્નાહના વતી સર કાવસજી જહાંગીર વિધિસર સરદાર અને મૌલાનાને મળ્યા.... આ ચર્ચાઓ ચાલતી હતી ત્યારે ઘણી વખત હું અને ખેર હાજર હતા.” કાવસજીની મારફતે જિન્નાહે દરખાસ્ત મૂકી કે મુંબઈના પ્રધાનમંડળમાં મુસ્લિમ લીગના બે પ્રધાનોનો સમાવેશ કરવામાં આવે.

વલ્લભભાઈએ કહ્યું કે લીગના ધારાસભ્યો કોંગ્રેસમાં જોડાય તો પોતે આ દરખાસ્ત મંજૂર રાખશે. તેના જવાબમાં જિન્નાહે કાવસજી મારફતે કહેવડાવ્યું કે બે સ્વતંત્ર પક્ષો વચ્ચેની સંયુક્ત સરકાર જ પોતે સ્વીકારશે. વાટાઘાટો પડી ભાંગી. આવી સંયુક્ત સરકાર માટેનો પ્રયાસ ઉત્તર પ્રદેશમાં પણ કરવામાં આવ્યો હતો. આ પ્રાંતમાં લીગી આગેવાન ખાલિક-ઉસ-ઝમાને આ



વાટાઘાટો આપમેળે શરૂ કરી હોવાથી જિન્નાહે તેનો વિરોધ કર્યો. આઝાદે જોડાણનો આગ્રહ રાખવાને કારણે આ વાટાઘાટો પડી ભાંગી, તેવું ખાલિક – ઉસ – ઝમાને કહ્યું છે. આઝાદે આપેલું કારણ એ હતું કે જવાહરલાલે અચાનક દખલગીરી કરી અને લીગ માટે બે પ્રધાનોને બદલે એક જ બેઠક આપવાનો આગ્રહ સેવ્યો, તેથી ઉત્તર પ્રદેશમાં ચાલતી વાટાઘાટો પડી ભાંગી. આ કારણ સાચું નથી. ગમે તેમ પણ આ પ્રધાનમંડળોમાં લીગનો સમાવેશ થયો નહીં. આ નીતિને વલ્લભભાઈ અને જવાહરલાલ બંનેનો ટેકો હતો. ઘણા નિરીક્ષકો એવો મત ધરાવે છે કે આને કારણે હિંદુસ્તાનના મુસલમાનો પાકિસ્તાનની દિશામાં મક્કમતાપૂર્વક ઝૂક્યા. ગાંધીજીના મંત્રી અને તેમના ચરિત્રલેખક પ્યારેલાલે આ નિર્ણયને "વ્યૂહરચનાની અતિશય ગંભીર ક્ષતિ" ગણાવી છે, અને " ગાંધીજીના મંતવ્યને અવગણીને કોંગ્રેસ મોવડી મંડળે લીધેલા નિર્ણય તરીકે" વર્ણવ્યો છે.આઝાદી અગાઉ અને ત્યાર પછી પણ સનદી નોકરી બજાવનાર પેન્ડરેલ મૂન એવો મત ધરાવે છે કે સન ૧૯૩૭ની ચૂંટણી પછી કોંગ્રેસી આગેવાનોનો નિર્ણય સાચો હતો" તેવો મુનશીનો મત એવો છે કે "કોંગ્રેસ – લીગના સંયુક્ત મંત્રીમંડળમાં રહેલા લીગના પ્રધાનો દ્વારા જિન્નાહે વાંધાવચકા, વિરોધ અને છૂપી ભાંગફોડ કરીને, છેવટે નકારની સત્તાનો ઉપયોગ કરીને, કોંગ્રેસને પોતાના તાબામાં આણી હોત," આ વાત ઉત્તરપ્રદેશ માટે સાચી નથી, કારણ કે આ પ્રાંતના લીગી આગેવાનોએ જિન્નાહના કહેવાથી નહીં પણ તેમની ઉપરવટ જઈને કોંગ્રેસને કહેણ મોકલ્યું હતું. જિન્નાહે આવી વાટાઘાટો ન કરવાનું કહ્યા પછી પણ તેમણે વાતચીત ચાલુ રાખી હતી. કોંગ્રેસ જોડે જોડાણ થયું હોત તોપણ તેઓ "જિન્નાહના હાથા બન્યા ન હોત" પણ મુંબઈના લીગી ધારાસભ્યોએ આવો પાઠ ભજવ્યો હોત. મુંબઈમાં જિન્નાહે અને કોંગ્રેસે એકબીજા જોડે સહેજ પણ ઘર્ષણ વગર કામ કર્યું હોત, તો જ કોંગ્રેસ – લીગની સંયુક્ત સરકાર સક્ષમ બની હોત. આવું બનવું અસંભવ હતું. સન ૧૯૩૭ના જાન્યુઆરીમાં જવાહરલાલ અને જિન્નાહ વચ્ચે થયેલો ખુલ્લો અને કડવો વિખવાદ આ માટેનો પુરાવો છે. વળી આ બાબતમાં પાયાનો સિદ્ધાંત સમાયેલો હતો. લીગ મુસલમાનોની અને કોંગ્રેસ હિન્દુઓની સંસ્થા છે તેવું જિન્નાહનું દષ્ટિબિંદુ કોંગ્રેસ મોવડીમંડળમાંથી કોઈ-વલ્લભભાઈ પણ-કબૂલ-મંજૂર રાખી શકે તેમ ન હતું.વલ્લભભાઈ અને તેમના સાથીઓએ સંયુક્ત સરકારની વાત પડતી મૂકી, અને એક જૂથસંગઠન પર ભાર મૂકવામાં આવ્યો. આનું એક અણધાર્યું પરિણામ આવ્યું. જિન્નાહને તક મળી ગઈ અને તેમણે આ તક ઝડપી લીધી.કોંગ્રેસે સત્તા ધારણ કર્યા પછી થોડા મહિનામાં જ તેમણે જાહેર કર્યું કે "દેશ ભરમાં કોંગ્રેસની દસ હજાર



સમિતિઓમાંથી ઘણી ખરી સમિતિઓ અને કેટલાક હિંદુ અધિકારીઓ પણ એવી રીતે વર્તી રહ્યા છે કે જાણે દેશમાં હિંદુરાજ સ્થપાઈ ગયું હોય.'' હિંદુરાજ સ્થાપવાનો કોંગ્રેસનો ઈરાદો ન હતો અને હકીકતમાં આવું હતું પણ નહીં, પણ આ ખ્યાલ મુસલમાનો માટે હકીકત બની ગયો.

ગાંધીજીનો વલ્લભભાઈને પત્ર, ૨૬-૦૯-૩૭ : પાંચ દિવસના આ ત્રાસદાયી પ્રવાસમાં તમે ભાંગી પડ્યા નહીં, તેની મને ખરેખર નવાઈ લાગે છે. સખત કામ કરવા ટેવાયેલા બે માણસો ભેગા થાય ત્યારે એકબીજાને થકવી નાખે છે. નબળા-દૂબળા માણસોને એકબીજાનો સહવાસ ફાવે છે. મજબૂત માણસ નબળા સાથીનો ખ્યાલ રાખે છે. પણ તમે બંને ભેગા થાઓ ત્યારે કોણ વધારે મજબૂત છે તે કહેવું મુશ્કેલ છે. તમારો પ્રવાસ ખરેખર નોંધપાત્ર રહ્યો હશે

પણ વરસ પૂરું થવા આવ્યું તેટલામાં તો વલ્લભભાઈ અને જવાહરલાલ વચ્ચેના સંબંધ તૂટી ગયા. કાયદો અને વ્યવસ્થા જાળવવા અંગે કોંગ્રેસી પ્રધાનમંડળોએ કેવું વલણ અપનાવવું જોઈએ તે મુદ્દા પર તકરાર થઇ. હોદ્દા – સ્વીકાર પછી મહિનાની અંદર વીસેક જેટલા સામ્યવાદીઓની પ્રવૃત્તિ પરના પ્રતિબંધ મુનશીએ રદ કર્યા ન હતા. તેથી મુંબઈના આ કાયદા પ્રધાન પર જવાહરલાલે આક્ષેપ મૂક્યો કે ''તમે તો લગભગ પોલીસ અધિકારી બની ગયા છો.'' વલ્લભભાઈએ મુનશીને સલાહ આપી કે જવાહરલાલના મિજાજ પ્રમાણે નહીં, પણ તમારા પોતાના ખ્યાલ મુજબ તમારે વર્તવું જોઈએ અને મહાત્માજીએ પણ તેવો જ મત દર્શાવ્યો. આકસ્મિક હડતાળ પાડવાના સામ્યવાદીઓના આદેશને ઠુકરાવી દેનાર કામગારોને પોલીસ રક્ષણ આપવાના મુંબઈ સરકારના નિર્ણયથી પણ નેહરુ નારાજ થયા.

મદ્રાસ પ્રાંતમાં વેલોર મુકામે હિંસાખોરી ભડકાવવા માટે બાટલીવાલા નામના મુંબઈના સમાજવાદીની ધરપકડ કરવામાં આવી, ત્યારે પોતે મર્યાદા ઠરાવી લેવી જોઈએ તેવું જવાહરલાલને લાગ્યું. બાટલીવાલા જેવાની ધરપકડો કરતાં અગાઉ પ્રાંતની સરકારોએ કારોબારી જોડે મસલત કરવી, તેવા નિયમ માટેની દરખાસ્ત તેમણે રજૂ કરી. રાજાજીએ આ દરખાસ્તનો વિરોધ કર્યો અને વલ્લભભાઈએ તેમને પૂરેપૂરો ટેકો આપ્યો. ગાંધીજીએ પણ ટેકો આપ્યો અને કારોબારીએ આ દરખાસ્ત નામંજૂર કરી. દેશી રજવાડાંની બાબતમાં દખલ ન કરવાની કોંગ્રેસની નીતિની બાબતમાં પણ વલ્લભભાઈ અને જવાહરલાલ વચ્ચે મતભેદ થયો.



આ રાજ્યોના શાસકોને અંગ્રેજ શાસકોના ટેકેદાર બનવા માટે મજબૂર ન કરવા જોઈએ, તેવી ગાંધીજીની માન્યતાને વલ્લભભાઈએ ટેકો આપ્યો. કોઈ રાજાની સામે લડત ઉપાડવી પડે તો તે રાજ્યના પ્રજાજનોએ જ ઉપાડવી જોઈએ, કોંગ્રેસે નહીં. જવાહરલાલજી આ નીતિને બદલવા ઈચ્છતા હતા પણ કારોબારીની બહુમતી તેમની વિરુદ્ધ હતી.

જવાહરલાલે કારોબારીમાંથી રાજીનામું આપવાનું ''ઠરાવ્યું'' પણ રાજીનામું આપ્યું નહીં. પોતે ''ગોઠવાઈ શકતા નથી અને 'અનોખા' તરી આવે છે'' તેવું ગાંધીજીને કહ્યા છતાં આ સંબંધ તોડવાનું તેમનાથી બન્યું નહીં. આ બધાં મુદ્દાઓ અંગે જવાહરલાલ અને વલ્લભભાઈ સામસામે છેડે ઊભા હતા, છતાં જવાહરલાલે તેમની જોડે નહીં પણ ગાંધીજી જોડે, રાજાજી જોડે અને મુંબઈ સરકાર જોડે તકરાર કરી. વલ્લભભાઈના વિચારો સર્વવિદિત હતા અને મતગણતરી થાય ત્યારે તેમનો હાથ હંમેશાં ઊંચો થતો. વલ્લભભાઈ ચૂપ રહેવાનું જાણતા હતા અને નકામી બડબડની કિંમત પણ સમજતા હતા.



અગાઉની માફક અત્યારે પણ મહાત્માજી અને વલ્લભભાઈ વચ્ચેના પત્રવહેવારમાં લગભગ દરેક વખતે એકબીજાની તબિયત અંગેની ચિંતા વ્યક્ત થતી દેખાય છે. વલ્લભભાઈ ગાંધીજીને હંમેશાં ગામડાની એક કહેવત સંભળાવતા — ''ધીમું ગાડું લાંબું ચાલે'' ગાંધીજી હંમેશાં ફરિયાદ કરતા કે ''તમે વધારે પડતું ખેંચો છો, પણ સરદારને કોણ કહી શકે અથવા શિક્ષા કરી શકે?'' પોતાના એક કાગળ જોડે વલ્લભભાઈએ બાવળની શૂળ મોકલી. આ શૂળ તેમના પગમાં ખૂંચી હતી અને અઠવાડિયા સુધી પગમાં રહી હતી. સેવાગ્રામ માટેનો વલ્લભભાઈનો અણગમો ચાલુ રહ્યો. નિમ્બકર નામના કામગાર આગેવાને કરેલી ટીકાના જવાબમાં વલ્લભભાઈએ કરેલું નિવેદન ગાંધીજીએ વખોડી કાઢ્યું. ગાંધીજીએ વલ્લભભાઈને લખ્યું, ''મને આ નિવેદન જરા પણ ગમ્યું નથી. તેમાં તમારી અસહિષ્ણુતા દેખાય છે ....તમે નાહક દુશ્મનાવટને આમંત્રણ આપ્યું છે.

સન ૧૯૩૮ માટે કોંગ્રેસ પ્રમુખની પસંદગી અંગે પણ ગાંધીજી અને વલ્લભભાઈ વચ્ચે મતભેદ હતો. ગાંધીજી સન ૧૯૩૭ના માર્ચમાં છૂટેલા સુભાષનો વિચાર કરતા હતા. પણ સુભાષની સમતુલા અંગે વલ્લભભાઈ શંકા સેવતા હતા. ''સુભાષ અસ્થિર છે તેવું મેં પણ જોયું છે, પણ અત્યારે તેના સિવાય બીજો કોઈ પ્રમુખ બની શકે તેમ નથી.'' સુભાષ વિધિસર પ્રમુખ બન્યા છતાં ગાંધીજી-વલ્લભભાઈના સંબંધો હંમેશના જેવા ગાઢ અને દ્રઢ રહ્યા. વલ્લભભાઈના સૌથી મોટા ભાઈ સોમાભાઈ ગુજરી ગયા ત્યારે ગાંધીજીએ લખેલો પત્ર સાબિત કરે છે કે આ સંબંધ ભાઈઓ વચ્ચેનો સંબંધ હતો, અને તેમાં સાથે મરવાના યરવડા કરારની યાદ તાજી કરવામાં આવી હતી. ગાંધીજી લખે છે (૧૫-૭-૩૭) ''તમે ભાઈઓને મોકલવા માંડ્યા છો.... તેઓ આપણા માટે જગા તૈયાર કરી રાખશે. આપણું અહીંયાનું કામ પૂરું થયું છે તેવું ઈશ્વરને લાગશે તે ક્ષણે તે આપણને ઉપાડી લેશે.'' સોમાભાઈના અવસાન પછી મોટાકાકા અને લાડબાનાં બે સંતાન જ જીવતાં રહ્યાં. ૬૨ વરસના વલ્લભભાઈ અને કાશીભાઈ.




**સ્વામી સચ્ચિદાનંદ**

દેશના આધુનિક અને વ્યવહારિક આવિષ્કારોને સમર્થન આપતા સંત


# જીવનની સફળતા

વિશ્વનાં બધા ધર્મો એક બાબતમાં તો સંમત છે કે આ મનુષ્યજન્મ સૌથી મહત્વનો જન્મ છે. જો એવું હોય તો મનુષ્યજન્મને વધુમાં વધુ સફળ કેવી રીતે બનાવી શકાય તેનો વિચાર અને તેની સાધના કરવી જોઇએ. મારી દ્રષ્ટિએ મનુષ્યજન્મને સફળ કરવા માટે કેટલાંક નિશ્ચિત કારણો છે. તેમાંનું પહેલું કારણ છે સત્-તત્ત્વનો સંગ કરવો અને સ્વીકાર કરવો. સત્-તત્ત્વ એટલે સાચા પુરુષો, સાચાં શાસ્ત્રો અને સાચી જીવનપદ્ધતિ. જો સત્-પુરુષોની વાત કરીએ તો પ્રથમ તો તેમાં સંપ્રદાય અને મજહબને મુક્ત રાખવો જોઇએ, કારણ કે બધા સંપ્રદાયો અને મજહબોના મહાપુરુષો પોતપોતાને ગમતા માર્ગનું જ પ્રોત્સાહન કરે છે અને બીજાના માર્ગને નીંદે છે. એટલે જેણે ખરેખર સાચા અર્થમાં જીવન સફળ કરવું હોય તેણે સર્વ પ્રથમ તો આવાં કૂંડાળાં અથવા વાડાબંધી વિચારો ધરાવતા તથાકથિત મહાપુરુષોથી છુટકારો મેળવવો જોઇએ. ત્યારે સત્પુરુષની ઓળખ માટે મારી દ્રષ્ટિએ તેનાં મુખ્યત : પાંચ લક્ષણો છે :

(૧) જે ચારિત્રની રક્ષા કરાવે.

(૨) જે ઊંચા આદર્શોનું જતન કરાવે.

(૩) જેમાં દેશ, કાળ, પરિસ્થિતિ પ્રમાણે ગતિશિલતા હોય,

(૪) જે રાષ્ટ્રવાદી હોય અને

(૫) જે માનવતાવાદી હોય.

(૧) ઊંચું ચારિત્ર્ય જ ઊંચા માણસની નિશાની કહેવાય. જે લોકો ચારિત્ર્યનું રક્ષણ કરવાની જગ્યાએ ચારિત્ર્યભ્રષ્ટ થવાના અધોમાર્ગ તરફ દોડે છે અને લોકોને દોડાવે છે તેઓ સત્પુરુષ ન કહેવાય. તેમનાથી દૂર રહેવું જોઇએ. બને તો તેમનો ત્યાગ કરવો જોઇએ. પછી ભલે તે કોઈ ધર્મના કે પરિવારના ઊંચા સ્થાને બેઠા હોય તોપણ તેમનાથી મુક્ત રહેવું જોઇએ. હવે બીજો પ્રશ્ન એ થાય છે કે ચારિત્ર્ય એટલે શું? ચારિત્ર્યની અનેક શાખાઓ છે, પણ સૌથી વધુ મહત્ત્વની બે શાખાઓ છે : (૧) અર્થ અને (૨) કામ. વ્યક્તિ અને પછી સમાજ જ્યારે પતિત થવાનાં હોયછે ત્યારે આ બે માર્ગે તે છે ત્યારે આ બે માર્ગે તે નીચે તરફ દોડતાં હોય છે. અર્થ એટલે પૈસો અને કામ એટલે સેક્સ. જીવનમાં પૈસો જરૂરી છે, પૈસાનો સદંતર ત્યાગ કરી શકાય નહીં. જે લોકો સદંતર ત્યાગ કરવાનો દંભ કરે છે અથવા ઉપદેશ આપે છે તે ખોટા છે. જીવનને સમજતા જ નથી, એટલે વ્યક્તિ કે સમાજ પૈસો કમાય અથવા ભેગો કરે તેમાં કશું ખોટું નથી, પણ ખોટી રીતે પૈસો કમાય અને ખોટી રીતે ભેગો કરે તો તે ખોટું છે. ખોટી રીત એ જ અધર્મ. એટલે અધર્મનો પૈસો એ પાપ છે. પૈસો ધર્મના માર્ગે પણ કમાઇ શકાય છે. જેને હકનો પૈસો કહી શકાય. હકનો પૈસો

હરામ ન કહેવાય. ચોરી, લૂંટ કે શોષણ દ્વારા પેદા કરેલો પૈસો હરામ કહેવાય. તેનો ત્યાગ કરવાનો. હકના પૈસાને કમાવો એ સાચો પુરુષાર્થ છે અને તેવો પુરુષાર્થ કરવો જ જોઇએ. જો તેવો પુરુષાર્થ પડતો મૂકીને બધાને ત્યાગની દીક્ષા તરફ વાળી દેવામાં આવે તો રાષ્ટ્ર અને પ્રજા દરિદ્ર થઈ જાય. એટલે સાચા રસ્તે ધન કમાવું તે પણ ધર્મ જ કહેવાય. આવી જ રીતે કામનો એટલે કે સેક્સનો સદંતર ત્યાગ પણ શક્ય નથી અને જરૂરી પણ નથી. ધર્મ પ્રમાણે પોતાના હકના કામને ભોગવવો તે પાપ નથી, પણ કર્તવ્ય-ધર્મ જ કહેવાય. માનો કે કોઈ વ્યક્તિએ લગ્ન કર્યાં અને પછી પત્ની સાથે અથવા પતિ સાથે કામ ભોગવે જ નહીં તો તે ત્યાગી ન કહેવાય, પણ કર્તવ્યત્યાગી એટલે કે ધર્મત્યાગી કહેવાય. આવા ધર્મત્યાગીઓનું જીવન સફળ થઈ શકે નહીં. જે કામ ધર્મવિરુદ્ધ, હકવિરુદ્ધ હોય તેને પાપ જ નહીં, મહાપાપ કહેવાય અને તેનો ત્યાગ કરવો જરૂરી છે. જે લોકો ધર્મવિરોધી વગર હકના કામને ભોગવવા પ્રયત્ન કરે છે તેમનું જીવન કદી પણ સફળ થઈ શકે નહીં. અંતે તે બધા કલંકિત, બદનામ અને રોગી થઈને ભૂંડી રીતે મરતા હોય છે. આવા માર્ગે ચાલવાની પ્રેરણા આપનાર ગમે તેટલો મહાન વિદ્વાન હોય તો પણ તે ત્યાજ્ય જ ગણાવો જોઇએ. તેનાથી પ્રજાને બચાવવી જરૂરી છે. ફરીથી પુનરાવર્તન કરીને પણ કહીએ છીએ કે જેમ વગર હકના અધર્મયુક્ત કામને ભોગવવો તે પાપ છે તેમ પોતાના ધર્મ પ્રમાણેના હકપૂર્વકના કામને ન ભોગવવો અને નિગ્રહ કરવો તે પણ પાપ જ કહેવાય. બંને માર્ગો ખોટા અને પ્રજા માટે હાનિકર્તા છે. સાચો માર્ગ મધ્યમમાર્ગ છે જેને ઋષિમાર્ગ પણ કહી શકાય. (૨) સફળ જીવન ઊંચા આદર્શોથી ઊંચું થતું હોય છે. ઊંચા આદર્શો પરિવારના, સમાજના અને રાષ્ટ્રના મહાપુરુષોના ઊંચા જીવનમાંથી મળતા હોય છે. જે પરિવાર, સમાજ કે રાષ્ટ્રમાં મહાપુરુષો થયા હોય છે તે ઊંચા આદર્શોનાં કારણે થયા હોય છે. આવા ઊંચા આદર્શોનું અનુસરણ કરવું અને તેને જીવનમાં ઉતારવાનો ભરપૂર પ્રયત્ન કરવો તેને સંસ્કાર અથવા સંસ્કૃતિનો વારસો કહેવાય. જેમ કે શ્રીરામનું એક પત્નીવ્રત જે આદર્શ તરીકે જીવનમાં ઉતારે તે ધન્ય-ધન્ય થઇ જાય. આવાં અસંખ્ય નરનારીઓ લગભગ પ્રત્યેક સમાજમાં થયાં જ હોય છે. તેમના આદર્શોને પોતાના આદર્શો ગણીને વ્યક્તિ જીવન જીવે તો તેનું જીવન સફળ થઇ જાય. આદર્શોનું પાલન સરળ કે સહજ નથી હોતું, તેમાં ઘણાં કષ્ટો અને વિક્ષેપો પડતાં હોય છે. ખાસ કરીને સુધારાવાદી આદર્શો વિરોધ વિનાના નથી હોતા અને વિરોધ જ્યારે ઘરમાંથી જ થાય અથવા પોતાના સમાજમાંથી થાય ત્યારે તેવા વિરોધને સહન કરવો બહુ કઠિન થઈ જતો હોય છે, આવો વિરોધ સહન કરવો તેને તપ કહેવાય. ઉપવાસ વગેરે તપો કરતાં આવાં તપો વધુ મહત્ત્વનાં ગણાવાં જોઈએ. ઉપવાસો કરીને લોકોનું બહુમાન મેળવે, સમાચારપત્રોમાં ફોટા છપાવે અને જયજયકાર કરાવે તેના કરતાં સાચા આદર્શો માટે લોકોનો વિરોધ સહન કરે, ગાળો ખાય, પથરા ખાય અને હડધૂત થાય તોપણ આદર્શોને મક્કમ રીતે વળગી રહે તો તેવાં તપોને સૌથી વધુ મહત્ત્વ આપવું જોઇએ. આવા તપસ્વીઓ દ્વારા જ સમાજ પ્રગતિશીલ થઈ શકતો હોય છે.




(૩) જેનો સત્સંગ કરવાનો હોય તે માત્ર જૂનવાણી જ ન હોય. જૂનવાણી લોકો ભૂતકાળમાં જીવતા હોય છે. તે વર્તમાનને સમજી શકતા નથી. તેમજ સ્વીકારી શકતા પણ નથી. તેથી આવા લોકો કદી પણ ભવિષ્યના નિર્માતા બની શકે નહીં. એટલે જેનો સંગ કરવાનો હોય તેમાં ગતિશીલતા હોવી જોઇએ. ગતિશીલતા એટલે દેશ, કાળ, પરિસ્થિતિને

સમજીને, સ્વીકારીને તે પ્રમાણે આચરણ કરવું તે. આવી ગતિશીલતા ન હોય તો જડતા આવી જાય. આવી જડતા જો ધર્મગુરુઓમાં આવે તો પૂરા ધર્મને જડ બનાવી દે, કારણ કે ધર્મનું વ્યાવહારિક રૂપ અનુયાયીઓમાં ધર્મગુરુઓના ઉપદેશોથી સ્થાપિત થતું હોય છે. વ્યક્તિ જડ બને તો કદાચ ચાલે પણ જો ધર્મગુરુ જડ બને અથવા સમાજ કે રાષ્ટ્રનેતા જડ બને તો ન ચાલે, કારણ કે ગોવાળની માફક તે હજારો લોકોને પોતાના ઉપદેશરૂપી ડચકારાઓથી ચલાવતો-દોરતો હોય છે. એટલે જેણે જીવનને સફળ અને ઉન્નત કરવું હોય તેણે ગતિશીલ વ્યક્તિનો સંગ કરવો જોઇએ.

(૪) વ્યક્તિ અથવા સમાજ વિશ્વના ગમે તે ભાગમાં રહેતો હોય પણ જ્યાં રહે ત્યાં વફાદારીથી રહે. કદી પણ ગદ્દારી ન કરે. કેટલાક લોકો જ્યાં રહેતા હોય, જ્યાં કમાતા હોય, જ્યાં ખાતા હોય તેનું જ ખોદતા હોય છે. આ ગદ્દારી કહેવાય. આવી ગદ્દારી કદી પણ ન કરવી જોઇએ. પણ જ્યાં વ્યક્તિ રહે અને રળે તે રાષ્ટ્રને પૂરેપૂરી વફાદાર રહે. તેનાં કાયદાકાનૂન અને બંધારણને માની શકાય તેવાં ન હોય તો રાજીખુશીથી તેવા દેશનો ત્યાગ કરી દે. પણ ત્યાં જ રહીને ત્યાંના જ પાયાને ખોદવાનો દેશદ્રોહ ન કરે.

ભારત વિશાળ દેશ છે. વિશ્વની બીજા નંબરની આ મોટી લોકશાહી છે. અહીંના બંધારણ પ્રમાણે બધા એકસરખા છે અને તેને મતદાન કરવાનો તથા ચૂંટણીમાં ઊભા રહેવાનો સરખો હક છે. તેમ છતાં જો કેટલાક લોકો દેશનાં ટુકડા કરવાના નારા લગાવે કે તેવી પ્રવૃત્તિ કરે તો તેવા લોકોને ગદ્દાર સમજવા જોઇએ. આવા ગદ્દારો દેશદ્રોહીઓ અને રાષ્ટ્રો માટે બહુ ઘાતક બની જતા હોય છે. એટલે આવા ઘાતકોને આ દેશમાં સ્થાન મળવું જોઇએ નહીં. પછી તેમનામાં ભલે ગમે તેટલી યોગ્યતા જ કેમ ન હોય. રાષ્ટ્રના હકો મેળવવાની પહેલી શરત છે. વ્યક્તિ પૂરેપૂરી રાષ્ટ્રવાદી હોવી જોઇએ. રાષ્ટ્રવાદ અને ધર્મવાદને પરસ્પરના વિરોધી ગણવા ન જોઇએ. કદાચ કોઇ ક્ષેત્રમાં રાષ્ટ્રવાદ અને ધર્મવાદનો વિરોધ થતો હોય તો રાષ્ટ્રવાદને માનીને ધર્મવાદનો વિરોધને ત્યાગી દેવો જોઇએ. જે લોકો રાષ્ટ્ર કરતાં પણ પોતાના ધર્મને અથવા મજહબને સર્વોચ્ચ સ્થાન આપે છે તેવા લોકોનો રાષ્ટ્રપ્રેમ દુર્બળ હોય છે. તે ક્યારે ફસકાઈ જાય તે કહેવાય નહીં. તેથી તેવાં રાષ્ટ્રવિરોધી તત્ત્વોનો ભરોસો કરી શકાય નહીં. તેમનાથી રાષ્ટ્રે હંમેશાં સાવધ રહેવું જોઇએ.

(૫) જેણે પોતાના જીવનને સફળ બનાવવું હોય તેણે અનિવાર્ય રીતે માનવતાવાદી થવું જોઇએ. વ્યક્તિના મનમાં પોતાનો સમાજ, પોતાનું રાષ્ટ્ર ભલે રહેતાં હોય તેની ના નથી, પણ આ બધા કરતાં પણ ઊંચા સ્થાને તો માનવતાને જ બેસાડવી જોઇએ. જ્યારે-જ્યારે માનવસમૂહ ઉપર કોઈ આપત્તિ આવે ત્યારે-ત્યારે લોકોએ મન મૂકીને કશા ભેદભાવ વિના માનવમાત્રની સેવા અને સહાયતા કરવી જોઇએ. કોઇ માણસ નદીમાં ડૂબતો હોય તો તેની જાતિ કે ધર્મ પૂછીને કે રાષ્ટ્ર પૂછીને તેની સહાય કરવાની ન હોય. તે માત્ર ને માત્ર માણસ જ છે અને બચાવનાર પણ માણસ જ છે એટલે માત્ર માનવતાના નાતે જ તેની રક્ષા કરવી જોઇએ. કદાચ તે દુશ્મન પક્ષનો માણસ પણ હોઇ શકે છે. તોપણ માનવતાના નાતે તેનું રક્ષણ અને બચાવ કરવાં જોઇએ.

જો આટલું કરવામાં આવે તો માણસ ગમે તે સમાજનો કે ગમે તે સંપ્રદાયનો અથવા રાષ્ટ્રનો હોય તોપણ તેનું જીવન સફળ થયા વિના રહે નહીં. જીવનની આ સફળતા છે કે માણસની માનવતા સોળે કળાએ ખીલી ઊઠે અને તે સૌને અપનાવે, સૌનો સ્વીકારે. આટલું કરનારો માણસ ભગવાનને જરૂર વહાલો લાગે. તેનો આ લોક અને પરલોક બંને સુધરી જાય. જે ધર્મો, સંપ્રદાયો કે મજહબો પોતાના અનુયાયીઓને સાંકડી મનોવૃતિવાળા બનાવે છે અને પોતાના વર્તુળને જ સહાય કરવાનું સૂચવે છે તથા બીજાનો દ્રોહ કરે છે તે કદી પણ પરમેશ્વરને વહાલા થઈ શકે નહીં, કારણ કે જેમ પરમેશ્વર ભેદભાવ નથી કરતો તેમ પરમેશ્વરના સાચા બંદાઓ પણ ભેદભાવ નથી કરતા. આ વિશ્વએકતાનો માર્ગ છેક પરમેશ્વર સુધી પહોંચે છે, એટલે આવા માર્ગે ચાલીને કોઈ પણ વ્યક્તિ પોતાના જીવનને ધન્ય-ધન્ય બનાવી શકે છે.

કાયદાકાનૂન અને બંધારણને માની શકાય તેવાં ન હોય તો રાજીખુશીથી તેવા દેશનો ત્યાગ કરી દે. પણ ત્યાં જ રહીને ત્યાંના જ પાયાને ખોદવાનો દેશદ્રોહ ન કરે.



એચ. એસ. પટેલ
આઇ.એ.એસ.(નિ.)
સી.ઈ.ઓ., સરદારધામ

## લોકોપયોગી માર્ગદર્શન

# "ઊર્જાક્ષેત્રના સુધારા-ઈલેક્ટ્રિસિટી એક્ટ-૨૦૦૩ની જોગવાઈઓ ગ્રાહક કેન્દ્રિત અને સ્પર્ધાત્મક અભિગમ"

ઈલેક્ટ્રિસિટીની શોધ એ માનવજાતિના વિકાસના પરિબળોમાં અગત્યનું સ્થાન ધરાવે છે, અત્યારે ઈલેક્ટ્રિસિટીના ઉપભોગ સિવાય જીવનનું અસ્તિત્વ શક્ય નથી કારણ કે તમામ ક્ષેત્રોમાં ચાલકબળ તરીકે ઈલેક્ટ્રિસિટી કેન્દ્ર સ્થાને છે. ઈલેક્ટ્રિસિટીની શોધની સાથે સાથે ઊર્જાના સ્ત્રોત, પ્રકાર, નિયમન સૌથી અગત્યની બાબત છે અને જે સ્વરૂપે સમગ્ર વિશ્વમાં ઈલેક્ટ્રિસિટીનો ઉપયોગ દિન પ્રતિદિન વધતો જાય છે તેમ તેમ ઊર્જાના વૈકલ્પિક સ્ત્રોત અને ખાસ કરીને બિન પરંપરાગત - Non-Conventional Source of Energy દા.ત. સૌર ઊર્જા, પવન (Wind) વિગેરે. આપણા દેશમાં બ્રિટિશ શાસન વ્યવસ્થા દરમ્યાન જે નિયમનકારી કાયદાઓ ઘડાયા (Regulating Act) જેમાં ઈન્ડિયન પીનલ કોડ લેન્ડ રેવન્યુ કોડ વિગેરે તે જ રીતે ઈલેક્ટ્રિસિટીને નિયમન કરતો કાયદો - ૧૯૧૦ ઘડવામાં આવ્યો. જે પ્રાથમિક રીતે લાયસન્સીને નિયમન કરતો કાયદો હતો અને તે વખતે વીજળી પ્રગતિશીલ રજવાડાઓમાં દા.ત. બરોડા, ગોંડલ, ભાવનગર વિગેરે તેમજ બ્રિટિશ હકુમતના ટાઉન વિસ્તારમાં હતો. આઝાદી





મળ્યા બાદ ઈલેક્ટ્રિસિટી સપ્લાય એક્ટ - ૧૯૪૮ ઘડવામાં આવ્યો. જેમાં ઈલેક્ટ્રિસિટીને રાષ્ટ્રીય સ્તરે અને ખાસ કરીને ગામડાઓના વીજળીકરણ કરવાના ભાગરૂપે રાજયોના વિદ્યુત બોર્ડની રચના કરવામાં આવી અને ઈજારાશાહી લાયસન્સીનું તત્ત્વ હોવાને કારણે વાણિજય વિષયક સંચાલનના (Commercial Principle) ધોરણોના અભાવે મોટા પાયે Transmission and Distribution (T&D) loss થતી અને મોટાપાયે વિદ્યુતચોરી (Electricity Theft) નું આચરણ થતું અને ઈલેક્ટ્રિસિટીના દર વધારવાની (Electricity Tariff) રાજકીય ઈચ્છા શક્તિનો અભાવને કારણે ઊર્જાક્ષેત્ર ખોટમાં ચાલતું, આ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે અને ઊર્જાક્ષેત્ર બિનરાજકીય (Apolitical) ધોરણે સંચાલન થાય તે માટે જૂના ઈલેક્ટ્રિસિટી એક્ટ ૧૯૧૦ની જગ્યાએ ઈલેક્ટ્રિસિટી એક્ટ - ૨૦૦૩ ઘડવામાં આવ્યો. આ કાયદામાં વીજ ગ્રાહકને ગુણવત્તાયુક્ત અને વિક્ષેપરહિત વીજળી મળે અને વાજબી ભાવે મળે તે મુખ્ય હેતુ છે. સાથો સાથ વીજદર જે નક્કી કરવામાં આવે તે પારદર્શક સ્વરૂપે રેગ્યુલેટરી કમિશન દ્વારા ગ્રાહકોને પણ રજૂઆત કરવાની તક આપ્યા બાદ નક્કી કરવામાં આવે તે જોગવાઈ છે. આ કાયદામાં જે કાર્યદક્ષતા વધારવાના ભાગરૂપે મુખ્ય માળખાકીય ફેરફારો સૂચવવામાં આવેલ તેમાં પ્રવર્તમાન ઈલેક્ટ્રિસિટી બોર્ડનું વિભાજન કરવામાં આવે (unbundling of Electricity Board) અને તે અનુસાર વીજ ઉત્પાદન (Generation) વીજ પ્રવહન (Transmission) અને વીજ વિતરણ (Distribution)ને જુદા કરવામાં આવે એટલે કે Corporatisation કંપનીકરણ માટે સૂચવવામાં આવેલ અને આ કાયદા અંતર્ગત ઘણા રાજયોમાં વીજ વિતરણને સંપૂર્ણપણે ખાનગીકરણ કરવામાં આવ્યું. દા.ત. દિલ્હી, ઓરિસ્સા, સમગ્ર દેશમાં ઈલેક્ટ્રિસિટી એક્ટ ૧૯૧૦ હેઠળ પણ અમદાવાદ, સુરત, મુંબઈ, જમશેદપુર જેવા વિસ્તારોમાં ખાનગી વીજકંપનીઓને લાયસન્સ આપવામાં આવેલ. દા.ત. અમદાવાદમાં એઈસી, હાલ ટોરેન્ટ, મુંબઈમાં BEST, હાલ રીલાયન્સ દિલ્હીમાં રીલાયન્સ, ટાટા પાવર વિગેરે ગુજરાત રાજ્યના ઊર્જાક્ષેત્રની ચર્ચા કરીએ તો મુંબઈ રાજયમાંથી ગુજરાતની રચના થયેથી

તા.૧-૫-૧૯૬૦માં ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડની રચના કરવામાં આવેલ અને શરૂઆતના ૨૫ વર્ષ સુધી ગુજરાતના ઈલેક્ટ્રિસિટી બૉર્ડનો વહીવટ પણ સારી રીતે ચાલેલ, જે તે સમયના ચેરમેનની દૂરંદેશીને આભારી છે. દા.ત. ડૉ. કુરીયન, એચ. એમ. પટેલ વિગેરે ૧૯૮૫થી બોર્ડની આર્થિક, સ્થિતિ કથળવાની શરૂ થઈ અને ત્યારબાદ તબક્કાવાર ખોટ વધતી ગઈ. ગુજરાત સરકારે પણ Power Sector Reformsના ભાગરૂપે ગુજરાત વિદ્યુતબૉર્ડના પુનઃગઠન માટે ૨૦૦૩નો કાયદો પસાર કરેલ, જે ભારતના ઈલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ લાગુ પડતાં તે સર્વોપરી સ્વરૂપે અમલ કરવામાં આવ્યો. ગુજરાત વિદ્યુત બૉર્ડનો nbundling વિઘટનના નિર્ણાયક સમયગાળામાં અમો સચિવશ્રી, ગુજરાત વિદ્યુત બૉર્ડ તરીકે હતા અને તે સમયગાળામાં વિદ્યુતબૉર્ડની વીજચોરી ઘટાડવાના વિશેષ પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા. બૉર્ડના પોતાના પોલીસ સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા. ગુજરાત વિદ્યુત બૉર્ડના વિઘટન અન્વયે સાત કંપનીઓ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ (GUVNL) સહિત સાત કંપનીઓ ઊભી કરવામાં આવી અને વીજ ઉત્પાદન કંપની તરીકે GSECL વીજપ્રવહન તરીકે GETCO અને વીજ વિતરણ તરીકે ચાર કંપનીઓ DGVCL - MGVCL - UGVCL અને PGVCL ઉપસ્થિત કરવામાં આવી અને તે ભૌગોલિક વિસ્તાર પ્રમાણે હાલ કાર્યરત છે અને ગુજરાતમાં કંપનીકરણ થયા બાદ ઈલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ની જોગવાઈઓ મુજબ જુદા જુદા વિશિષ્ઠ પગલાં લેવાથી ગુજરાતનું ઊર્જાક્ષેત્ર અન્ય રાજ્યોની સરખામણીએ કાર્યદક્ષ રીતે કામગીરી કરે છે અને યોગ્ય પ્રમાણમાં નફો પણ થાય છે. ઊર્જાક્ષેત્રમાં જો સૌથી અગત્યનું અંગ હોય તો વીજ વિતરણ વ્યવસ્થા છે અને તેનું કારણ મુખ્ય એ છે કે ગ્રાહકને ગુણવત્તાયુક્ત અને વિશ્વનીય (Quality and Reliable) પાવર સપ્લાયની સાથે Affordable પોષાય તે દરે પાવર આપવો એટલે કે આ ઉદ્દેશ સિધ્ધ કરવા માટે વીજક્ષેત્રના તમામ અંગો વીજ ઉત્પાદન, વીજ પ્રવહન અને વીજ વિતરણની કાર્યદક્ષતા વધારવી પડે અને તેમાં વીજ વિતરણને અગત્યનું Value Chain કહેવામાં આવે છે કે જેમાં જે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે તે યોગ્ય સ્વરૂપે મીટરીંગ, બિલિંગ, વસૂલાત અને વીજલોસમાં ઘટાડો કરવો અને તે માટે નવી પરિભાષા પ્રમાણે AT&C - Aggregate Technical and Commercial loss કહેવામાં આવે છે. અમો જ્યારે યુજીવીસીએલ અને ડીજીવીસીએલ કંપનીના એમ.ડી. તરીકે હતા ત્યારે ભારત સરકારે નક્કી કરેલ Best Performance of Power Utility નો A Grade મળેલ અને દેશની સર્વોચ્ચ ડિસ્ટ્રિબ્યુશન કંપની તરીકે પ્રાઈમ મિનિસ્ટરના વરદહસ્તે એવોર્ડ મેળવેલ છે. ગુજરાતનાં ઊર્જાક્ષેત્રના સુધારા સમગ્ર દેશ માટે ઉદાહરણીય સ્વરૂપ છે. હવે નવીન કાયદાના સુધારા પ્રમાણે વીજ વિતરણ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક તત્ત્વ લાવવાના ભાગરૂપે Carriage and Contentના અભિગમરૂપે ગ્રાહકોને કોઈપણ ખાનગી વીજ વિતરણ કંપની પાસેથી Power લેવાની જોગવાઈ કરતો કાયદો પસાર કરવામાં આવ્યો છે, જેનો યોગ્ય સ્વરૂપે અમલ થાય તો ગ્રાહકોના હિતમાં હશે. પરંતુ સૌથી મોટો પડકાર ગ્રામ્ય વિસ્તારમાં પૂરો પાડવામાં આવતો વીજ પુરવઠો અને કૃષિક્ષેત્રે આપવામાં આવતી વીજળીનો નીતિવિષયક નિર્ણય અગત્યનો છે. ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજનાથી ગામડાઓમાં ચોવીસ કલાક વીજળી આપવામાં આવે છે તેની નીતિ ઘડવામાં અને અમલ કરવામાં અમારી લાંબાગાળાની ઊર્જાક્ષેત્રમાં ફરજો દરમ્યાન અગત્યની ભૂમિકા રહેલી છે.

"વીજગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને વિક્ષેપરહિત અને પોષાય તે દરે વીજળી મળી રહે તે જરૂરી"





# સરદારધામ
## વિશ્વ પાટીદાર સમાજ

## તમામ ઔદ્યોગિક-વેપારી મિત્રો માટે સોનેરી અવસર

GPBS (ગ્લોબલ પાટીદાર બિઝનેસ સમિટ-૨૦૧૮/૨૦૨૦) ની ભવ્ય સફળતા બાદ સમાજના પ્રથમ હરોળના ૧૦૦૦૦ તેમજ ૧૫૦૦૦ જેટલાં નાના - મધ્યમ બિઝનેસમેન, સમાજના વિવિધ પ્રોફેશનલ અંગો અને સરદારધામ યુવા તેજ-તેજસ્વીની (૧ લાખ સંગઠન) મળીને લાખો લોકો સુધી આપની કંપનીની પ્રોડક્ટના માર્કેટિંગ, બ્રાન્ડિંગ અને લોન્ચિંગ માટેનું ઉત્તમ પ્લેટફોર્મ એટલે "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિન.

તો આવો મિત્રો...સાંપ્રત પરિસ્થિતિ તેમજ આજના ટેકનોલોજીના યુગમાં સમયની સાથે તાલ મિલાવવા **પરવડે તેવા જાહેરાતના નવા દર** સાથેના અજોડ માધ્યમ એવા "સરદારધામ-એક વિચાર" ઇ-મેગેઝિનમાં જાહેરાત આપી સરદારધામ વેબસાઈટ – સોશિયલ મીડિયા, ફેસબુકના માધ્યમથી આપણાં બિઝનેસનો બહોળો પ્રચાર કરી સફળતાના શિખરો સર કરીએ...જય સરદાર...

## "સરદારધામ-એક વિચાર" - ઇ-મેગેઝિન માટે જાહેરાતના નવા દર

**વાર્ષિક (માસિક કુલ-૧૨ અંક)**

**જાહેરાતના દર (તારીખ :- ૦૧-૦૮-૨૦ થી લાગુ)**

બીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૧,૦૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

ત્રીજું ટાઇટલ (અંદરનું)
રૂા. ૭૫,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

ચોથું ટાઇટલ (બહારનું)
રૂા. ૬૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ક્વાર્ટર પેજ માટે રૂા.૧૫,૦૦૦/- એ-૪ સાઇઝનું ક્વાર્ટર પેજ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક હાફ પેજ માટે રૂા.૨૫,૦૦૦/- A-4 સાઇઝનું હાફ પેજ
GST INCL.

મેગેઝિનની અંદરના કોઈપણ એક ફુલ પેજ માટે રૂા.૫૦,૦૦૦/-
A-4 સાઇઝ
GST INCL.



મેગેઝિનમાં ઓછામાં ઓછા ૧ વર્ષ માટે જાહેરાત આપવી જરૂરી છે.

મેગેઝિનમાં આપની કંપનીની જાહેરાત માટે ડિઝાઇન આપના તરફથી આપવાની રહેશે.

૧ વર્ષની જાહેરાતની રકમનો ચેક અને ડિઝાઇન એડવાન્સમાં એક સાથે મોકલી આપવાના રહેશે.

**મેગેઝિનમાં જાહેરાત માટે કે અન્ય કોઇ માહિતી માટે ૯૮૭૯૯૯૪૯૬૭ / ૭૫૭૫૦૦૧૫૯૬ પર સંપર્ક કરવો.**

સરદારધામ, વૈષ્ણોદેવી સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૪૨૧

/Sardardham1 • /sardardham_ • www.sardardham.org • info.sardardham@gmail.com
+91 7575001548 • @sardardham_ • Sardardham_Info • /Sardardham



શૈલેષભાઈ સગપરિયા
ડેપ્યુટી ડાયરેક્ટર, સ્પીપા,
રાજકોટ

# પિતાની કમાણીને વેડફવાને બદલે વાપરતા શીખવું

એક શેઠને ત્યાં લગ્નજીવનના ઘણા વર્ષો બાદ દીકરાનો જન્મ થયો. શેર માટીની ખોટ પુરાવાથી શેઠ-શેઠાણી ખૂબ ખુશ હતા. શેઠ દીકરાનું ખૂબ ધ્યાન રાખતા અને એની તમામ જરૂરિયાતો પૂરી કરતા. દીકરો પાણી માંગે અને દૂધ હાજર કરવામાં આવે. શેઠે ઘરમાં બધાને સૂચના આપેલી કે મારા દીકરાને કોઇ પ્રકારની તકલીફ ન પડવી જોઇએ. એની દરેક માંગ તાત્કાલિક સંતોષાવી જોઇએ. શેઠના આદેશ પ્રમાણે રાજકુમારની જેમ એના દીકરાનો ઉછેર થવા લાગ્યો. દીકરો જેમ જેમ મોટો થવા લાગ્યો તેમ તેમ વધુ પડતા લાડકોડના કારણે ઉડાવ બનવા લાગ્યો. પૈસાને પાણીની જેમ વાપરે. શેઠે વિચાર્યુ કે દીકરાને રૂપિયાનું મૂલ્ય તો સમજાવવું પડશે નહીતર ભવિષ્યમાં છોકરો બધી જ સંપત્તિ ખતમ કરી દેશે. જો દીકરાને રુપિયાનું મૂલ્ય નહી સમજાય તો તનતોડ મહેનત કરીને મેં જે તિજોરીઓ ભરી છે એ તિજોરીઓ આ ખાલી કરી નાંખશે.

એક દિવસ શેઠે દીકરાને પોતાની પાસે બેસાડીને કહ્યુ, "બેટા, હું જે કંઇ કમાયો છું એ બધી જ સંપત્તિ તારી છે



અને મારે એ તને જ સોંપવાની છે. તું મારો એકનો એક દીકરો છે એટલે મારી સંપત્તિમાં ભાગ પડાવનાર પણ બીજું કોઈ નથી. મારું જે કંઈ પણ છે એ બધું માત્ર અને માત્ર તારું જ છે. પરંતુ મારી એક શરત છે કે આ માટે તારે લાયક બનવું પડશે. મારી એક નાની પરીક્ષામાંથી તારે પાસ થવું પડશે. તું તારી મહેનતથી એક રૂપિયો કમાઇને બતાવ તો મારી સંપત્તિ તને મળશે નહીંતર હું બધી જ સંપત્તિ સત્કાર્યો માટે કોઇ સંસ્થાને દાનમાં આપી દઇશ.''

બીજા દિવસે છોકરાએ એક રૂપિયાનો સિક્કો પિતાના હાથમાં મુક્યો અને કહ્યું, "લો આ મારો કમાયેલો રૂપિયો". શેઠે રૂપિયાને બારીમાંથી બહાર ફેંકી દીધો અને કહ્યું, "મને ખબર છે કે આ રૂપિયો તું તારી મમ્મી પાસેથી લાવ્યો છે. આ રૂપિયો તારો નહીં મારો કમાયેલો છે. મારે તો તારો પોતાનો કમાયેલો રૂપિયો જોઈએ છે." ત્રીજા દિવસે છોકરાએ એની પિતરાઇ બહેન પાસેથી રૂપિયો લઇને શેઠને આપ્યો. શેઠે એ રૂપિયો પણ બહાર ફેંકી દીધો અને કહ્યું, ''મારી શરત એ છે કે તારે તારી મહેનતથી રૂપિયો કમાવાનો છે. કોઈ સંબંધનો ઉપયોગ કરીને વગર મહેનતે લાવેલો આ રૂપિયો ના ચાલે.'' ચોથા દિવસે છોકરાએ એના મિત્ર પાસેથી એક રૂપિયો ઉછીનો લઇને શેઠને આપ્યો તો શેઠે એ રૂપિયો પણ બારીમાંથી બહાર ફેંકી દીધો અને સહેજ ઊંચા અવાજે કહ્યું, ''હું તને સમજાવું છું એમાં સમજ નથી પડતી ? મારે તારી કમાણીનો રૂપિયો જોઇએ છે ઉછીનો નહિ ! ઉછીના જ ભેગા કરવા હોય તો તો લાખો ભેગા થઇ શકે. તું તારી મહેનતથી કમાઇને રૂપિયો લઇ આવ.



છોકરાને લાગ્યું કે હું જ્યાં સુધી મારી મહેનતથી રૂપિયો નહીં કમાવ ત્યાં સુધી પિતાજી મારો પીછો છોડવાના નથી એટલે પાંચમાં દિવસે સવારે વહેલો જાગીને તૈયાર થઇ કામની શોધમાં નીકળી પડ્યો. કામનો કોઇ અનુભવ તો હતો નહીં એટલે એક હોટલમાં એને સામાન્ય કામ મળ્યું. આખો દિવસ કામ કર્યુ ત્યારે સાંજે હોટલના માલિકે છોકરાને મહેનતાણા તરીકે એક રૂપિયો આપ્યો.

આજે પોતાની મહેનતથી કમાઇને રૂપિયો લાવ્યો હતો એટલે છોકરો ખૂબ આનંદમાં હતો. આખો દિવસના કામનો થાક પણ અદ્રશ્ય થઇ ગયો હતો. ઘરે આવીને એણે હરખાતા હરખાતા એક રૂપિયાનો સિક્કો શેઠના હાથમાં મુક્યો. શેઠે તો રોજની જેમ સિક્કો બારીમાંથી બહાર ફેંકી દીધો. છોકરો તો લાલ પીળો થઇ ગયો. રોજ શેઠ સિક્કો બહાર ફેંકતા અને છોકરો જોયા કરતો પણ આજે તો એ બહાર જઇને સિક્કો પાછો લઇ આવ્યો. ગુસ્સા સાથે એણે શેઠને કહ્યું, "આ રૂપિયો મારી જાત મહેનતનો છે. રૂપિયો કમાવા માટે મેં આજે આખો દિવસ પરસેવો પાડ્યો છે."

પિતાએ દીકરાના માથા પર પ્રેમથી હાથ પસવારતા કહ્યું, "બેટા, તારો કમાયેલો એક રૂપિયો મેં બહાર ફેંકી દીધો તો તને કેટલું દુઃખ થયું ! તું મારી કાળી મજૂરીની કમાણી રોજ બહાર ફેંકી દે છે તો મને દુઃખ નહીં થતું હોય ?" છોકરાને પિતાની વાત હૃદય સોંસરવી ઊતરી ગઇ. પિતાજી પાસે સંપત્તિ હોય તો એ એની કમાયેલી છે. એની કમાયેલી સંપત્તિ જરૂરિયાત વગર વાપરવાનો આપણને સંતાન તરીકે પણ કોઇ અધિકાર નથી. પિતાજીએ રાત-દિવસના ઉજાગરા કરીને ભેળી કરેલી સંપત્તિ આપણે વગર જરૂરિયાતે પાણીની જેમ વાપરીએ તો એમનું હૃદય કેવું દુઃખી થતું હશે ! પૈસા વાપરતા પહેલા કમાતા શીખીએ.

ગયા અઠવાડિયે રાજકોટની એક કૉલેજીયન છોકરીએ એક વૃધ્ધ માજીને લૂંટી લેવાના આશયથી કાતર અને છરીથી હુમલો કર્યાની ઘટના છાપે ચમકી હતી. આ ઘટના ઘણું ઘણું કહી જાય છે. આજના યુવાનોને પાણીની જેમ રૂપિયા વાપરવા છે પણ રૂપિયા કમાવા માટે કોઈ મહેનતનું કામ નથી કરવું. ગામડામાંથી કે નાના નાના શહેરોમાંથી અભ્યાસ માટે રાજકોટ આવતી કેટલીયે યુવતીઓ અને યુવકો વૈભવી જીવન જીવવાના સપનાઓ જુવે છે. આ માટે ખૂબ પૈસાની જરુર પડે જે ઘરેથી મળી શકે તેમ ન હોય એવા સંજોગોમાં અનૈતિક કામો કરીને પણ પૈસા પેદા કરતા થઈ ગયા છે. ગામડે મા-બાપ સપનાઓ જોતા હોય કે દીકરો અને દીકરી શહેરમાં ભણીગણીને એના સપનાઓ પૂરાં કરશે અને અહીંયા દીકરો કે દીકરી મા-બાપના સપનાં પૂરાં કરવાના એક બાજુ રહ્યા ઉલટાના આબરુ જાય એવા કામ કરતા હોય છે. જે મા-બાપ આર્થિક રીતે સમૃધ્ધ છે એ પણ સંતાનોને પરસેવો પાડીને પૈસા પેદા કરવાનું જ્ઞાન આપવાને બદલે વગર મહેનતે જે જોઈએ એ બધું આપીને સંતાનોના ભવિષ્ય સાથે રમતો રમે છે. હું સાંજે મારી ઑફિસ પૂરી કરીને રેસકોર્સ રીંગ રોડ પર વૉકિંગ કરવા માટે જાવ. મને રોજ એક વૈભવી કાર રોડ પર આડેધડ પાર્ક થયેલી જોવા મળે. ટ્રાફિકમાં અડચણરુપ થાય એવી રીતે ગાડી પાર્ક કરીને ગાડીનો માલિક એના મિત્રો જોડે બેઠો બેઠો ગપ્પા મારતો હોય. આ ગાડીના માલિકે પોતાના પૈસાથી ગાડી ન લીધી હોય પણ પૂજ્ય પિતાશ્રીએ જરૂરિયાત ન હોવા છતાં ગાડી અપાવી હોય. ગાડીની નંબર પ્લેટ પર લખેલા હોદ્દા પરથી જ સમજાય જાય કે આ ભાઈ પોતાના પગ ઉપર ઊભા રહી શકે તેમ જ નથી માત્ર પિતાના નામ અને દામના સહારે જ જીવી રહ્યા છે.

માતા-પિતાએ સંતાનોને વારસામાં સંપત્તિ આપવાને બદલે સંપત્તિ પેદા કરવાની ક્ષમતા આપવી જોઈએ. યુવાનોએ પણ પોતાના પગ પર ઊભા રહીને જીવન જીવવાની મજા લેવી જોઈએ. મહેનતથી કમાયેલો પૈસો વાપરતી વખતે એનો આનંદ પણ અલગ પ્રકારનો જ હશે.



- ટીમ જી.પી.બી.ઓ. યુથ, અમદાવાદ

# ઇગ્નાઇટર વિંગનું લોન્ચિંગ

સરદારધામના પાંચ લક્ષ્ય બિંદુ પૈકી એક - GPBO અંતર્ગત, અમદાવાદ શહેરની પાંચમી અને જી.પી.બી.ઓ.ની પંદરમી વિંગ-ઈગ્નાઈટર વિંગનું સફળતાપૂર્વક લોન્ચિંગ ચાતુર્માસના પ્રારંભે કેળવણીધામ, નિકોલ, અમદાવાદ ખાતે તારીખ ૨૦-જુલાઈ-૨૦૨૧, મંગળવારે સવારે ૭:૩૦ વાગ્યે થયું હતું. નોંધનીય છે કે ઈગ્નાઈટર વિંગની ઓપન ફોરમ મિટિંગ તારીખ ૨૯-ડિસેમ્બર-૨૦૨૦ એ માત્ર જૂજ સભ્યો સાથે થઇ હતી. ત્યાર બાદ (વિન્ગ લોન્ચ ટીમ) અને મેમ્બર્સના દ્રઢ અને નિષ્ઠાપૂર્વકના સહિયારા પ્રયાસથી કોરોનાની પ્રથમ અને બીજી વેવના શારીરિક અને માનસિક રીતે થકવી દેનારા સમય છતાં આટલા ટૂંકા ગાળામાં, આજ રોજ રેગ્યુલર વિંગ તરીકે લોન્ચ થઇ હતી.

મિટિંગની શરૂઆત ઈગ્નાઈટર વિંગની બે બહેનો હીરલબેન અને નીરુબેનના શુભ હસ્તે દીપ પ્રાગટ્યથી થઇ હતી. આ બાદ વિંગના સૌથી યંગ મેમ્બર વંદન પટેલે "GROWTH" વિષય પર લર્નિંગ સેશન લીધું હતું. મિટિંગ દરમિયાન ઈગ્નાઈટર વિંગના ૪૦ જેટલા રેગ્યુલર સભ્યોએ પોતાના બિઝનેસની ખૂબ જ સચોટ રીતે ટેગ લાઈન સાથે ૩૦ સેકન્ડની સ્પીચ આપી હતી. સરદારધામના પ્રમુખ સેવક શ્રી ગગજીભાઈ સુતરિયાએ પોતાની હાજરી અને આશીર્વચનથી મિટિંગમાં આવેલા દરેકમાં એક અલગ જ લેવલનો ઉત્સાહ ભરી દીધો હતો. GPBOના યુથ કન્વીનર, ભાવિનભાઈ તથા જુદા જુદા ડિસ્ટ્રિક્ટના કન્વીનર ફીડબેક આપી વિંગના સભ્યોનો ઉત્સાહ વધાર્યો હતો. મિટિંગમાં ઓનલાઈન અને ઑફલાઈન માધ્યમથી GPBOના રેગ્યુલર મેમ્બર્સ તથા વિઝિટર્સ થઈને અંદાજે ૨૦૦થી વધુ મેમ્બર્સે હાજરી આપી હતી, જેમણે નેટવર્કિંગ સેશન માં જોડાઈ એકબીજાને ઉપયોગી રેફરન્સની આપ લે કરી હતી.

મિટિંગની પૂર્ણાહુતિ સમયે, શ્રી ગગજીભાઈ સુતરિયાએ કેક કટિંગ કરીને લોન્ચિંગ સેલિબ્રેશન કર્યું હતું ત્યાર બાદ મિટિંગમાં આવેલ દરેક મેમ્બર્સે પોસ્ટ નેટવર્કિંગ કર્યું હતું. આશા છે કે ઈગ્નાઈટર વિંગ, GPBO ના મુખ્ય ટાર્ગેટ મિશન - ૨૦૨૬માં મદદરૂપ થશે અને એ દિશામાં નવા ને નવા પગલાં ભરતું રહેશે.




**ઓલ ધ બેસ્ટ ઈગ્નાઈટર વિંગ !!!**





# ગ્રામસ્વરાજ



-ગાંધીજી

ગ્રામસ્વરાજનો મારો ખ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઇએ. પોતાના જીવનની અત્યંત મહત્વની જરૂરિયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પાડોશીઓથી સ્વતંત્ર હશે, પરંતુ જે બાબતોમાં સહકાર્ય અનિવાર્ય હશે તે બધાં કાર્યોમાં પડોશીઓ સાથે પરસ્પર સહાયથી કાર્ય કરશે. એ મુજબ પોતાને જરૂરિયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની તેની પહેલી ફરજ ગણાશે. પોતાનાં ઢોરને ચરવાને માટે તેમજ બાળકોની રમતગમતો અને મોટેરાંઓના આમોદપ્રમોદને સારુ તે જમીન અલગ રાખશે. તે પછી જો ગામ પાસે જમીન ફાજલ રહેશે તો તેમાં ઉપયોગી, બજારમાં વેચી શકાય, એવો પાક લેવાશે – ઉપયોગી એટલે કે તેમાં ગાંજો, તમાકુ, અફીણ વગેરે જેવા પાકો નહીં આવે. દરેક ગામ પોતાનું એક નાટકઘર, પોતાની નિશાળ અને સભાગૃહ નભાવશે. ગામની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે એવી જોગવાઇ કરવામાં આવશે. પૂરતી દેખરેખ નીચે નભાવવામાં આવતા કૂવાઓ અથવા તળાવોથી આ કાર્ય પાર પાડી શકાશે. પાયાની કેળવણીના છેવટના ધોરણ સુધીની કેળવણી ફરજિયાત હશે. બની શકે ત્યાં સુધી દરેકેદરેક પ્રવૃતિ સહકારી પદ્ધતિના સિદ્ધાંતો પ્રમાણે ચાલશે. આજે છે તેવી અસ્પૃશ્યતાની ચડતીપડતી શ્રેણીઓવાળી જ્ઞાતિવ્યવસ્થા ત્યાં નહીં હોય.

દરેક ગ્રામસમાજની સત્તા પાછળનું સાધન અથવા બળ સત્યાગ્રહ અથવા અસહકારની પદ્ધતિવાળી અહિંસા હશે. ગામમાં રાખવામાં આવતી યાદીમાંથી ગામની ફરજિયાત ચોકી માટે વારા પ્રમાણે ચોકિયાતો પસંદ કરવામાં આવશે. નિયમ પ્રમાણેની નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી ચોક્કસ લાયકાતવાળાં ગામનાં પુખ્ત ઉંમરનાં સર્વ સ્ત્રી અને પુરુષો દર વર્ષે પાંચ જણની એક પંચાયત ચૂંટી કાઢશે અને તે ગામની સરકાર તરીકે ગામનાં બધાં જાહેર કાર્યો કરશે. આ પંચાયતને જરૂરની બધી સત્તા અને અધિકાર આપવામાં આવશે. હાલના માન્ય અર્થમાં



શિક્ષાની કોઈ પદ્ધતિનો અમલ નહીં હોય, એટલે આ પંચાયત પોતાના અમલના એક વર્ષને માટે ગામની ધારાસભા, ન્યાયાધીશી અને કાર્યવાહક મંડળ બનશે.

કોઈ પણ ગામ આજે જ આવું પ્રજાસત્તાક બની શકે અને તેમાં હાલની સરકાર – જેનો ગામ સાથેનો એકમાત્ર સક્રિય સંબંધ જમીનની મહેસૂલ ઉઘરાવી ખેંચી જવા પૂરતો જ છે – પણ બહુ અંતરાય નહીં નાખે. પાડોશનાં ગામો સાથેના અને જે હોય તે કેન્દ્ર સાથેનાં સંબંધોનો વિચાર મેં અહીં નથી કર્યો, મારો હેતુ તો ગ્રામસ્વરાજ અથવા ગ્રામસરકારની રૂપરેખા રજૂ કરવાનો જ છે. દરેક વ્યક્તિની સ્વતંત્રતાના પાયા પર રચાયેલી આ વ્યવસ્થામાં સંપૂર્ણ લોકશાહી રહેલી છે. એમાં પ્રત્યેક વ્યક્તિને હાથે પોતાની સરકારનું ઘડતર થાય છે. તે અને તેની સરકાર અહિંસાના નિયમને વશ છે. તે અને તેનું ગામ આખી દુનિયાના બળનો સામનો કરી શકે છે, કેમ કે પોતાના ગામના અને તેની આબરૂના રક્ષણને સારુ દરેક ગ્રામવાસી મરણને ભેટવા તૈયાર હોય એ નિયમથી બધાં ગ્રામવાસીઓ બંધાયેલાં હશે.

અહીં જે ચિત્ર દોરેલું છે તેમાં સ્વભાવત : એવું કશું નથી કે જેથી તેની સિદ્ધિ અશક્ય બને. આવા પ્રકારના ગામના આદર્શ નમૂનાને પહોંચતા કદાચ આખી જિંદગી કાર્ય કરવું પડે. સાચી લોકશાહી અને ગ્રામજીવનનો આશક જો એકાદ ગામ પકડીને તેના જ ઘડતરને પોતાની સર્વ સૃષ્ટિ અને સમગ્ર કાર્ય ગણીને બેસી જાય તો તેને સારાં પરિણામો મળી શકશે. તેણે શરૂઆત ગામનાં સફાઈકામદાર, કાંતણ-શિક્ષક, ચોકીયાત, વૈદ અને શાળા-શિક્ષક એ બધાનાં કાર્યો એકીસાથે આરંભીને કરવી જોઈએ. એની સાથે તરત કોઈ ન જોડાય તો ગામનું સફાઈકામ અને કાંતણ કરતા રહીને તે સંતોષ મેળવશે. ગામડાંના રહેવાસીઓમાં એવી કાળજી ને કુશળતા આવવી જોઈએ કે, જેથી તેમની પેદા કરેલી અથવા બનાવેલી વસ્તુઓની કિંમત બહાર પણ અંકાય. જ્યારે ગામડાંઓનો પૂર્ણ વિકાસ થશે, ત્યારે દેહાતીઓની બુદ્ધિ અને તેમના આત્માને સંતોષી શકાય એવી કળા ને કુશળતાવાળાં સ્ત્રીપુરુષો ગામડાંમાં હશે જ. ગામડાંમાં કવિ, ચિત્રકાર, શિલ્પી, ભાષાવિશારદ, શોધક વગેરે હશે. ટૂંકમાં જીવનની એવી એકે ચીજ નહીં હોય, જે ગામડાંમાં ન હોય. ગામડાં આજે ઉજ્જડ છે, વેરાન છે, ઉકરડા જેવાં છે; આવતી કાલે તે સુંદર બગીચા જેવાં બનશે, અને ત્યાંના લોકોને છેતરવાનું મુશ્કેલ બનશે.

આ કલ્પનાનાં ગામડાંની રચનાનો આરંભ આજથી થવો જોઈએ. ગ્રામરચના હંગામી નહીં, પણ સ્થાયી, કાયમની થવી જોઈએ.

કેળવણીમાં ઉદ્યોગ, તંદુરસ્તી, ભણતર અને કળાનું મિશ્રણ છે, સુમેળ છે. નઈ તાલીમની દ્રષ્ટિમાં ઉદ્યોગ અથવા ઉદ્યમ અને ભણતર, સ્વાસ્થ્ય અને કળાના વિભાગ નથી પણ એ બધાનો મેળ મળીને ગર્ભ રહે ત્યાંથી માંડીને ઘડપણ લગીમાં માણસ ખીલીને પૂર્ણ વિકસિત ફૂલ જેવું



સુંદર બને, એનું નામ નવી તાલીમ. એથી હું ગ્રામરચનાના આરંભમાં જ વિભાગો ન પાડું. પણ ઉપર ગણાવેલી ચારે બાબતોનો વિકાસ ને મેળ એકસાથે સધાય, તેવો પ્રયત્ન આદરું. એથી કોઈ ઉદ્યોગને કેળવણીથી નોખો ન ગણું, પણ તેને જ કેળવણી આપવાનું વાહન કે સાધન ગણું અને તેથી આવી યોજનામાં નવી તાલીમની સંસ્થાને ભેળવી લઉં.

મેં જે જાતનો ગ્રામઘટક કલ્પ્યો છે, તે દેશના બળવાનમાં બળવાન અંગના જેટલો જ બળવાન હશે. મારા ખ્યાલ મુજબના ગામડાની વસ્તી મેં એક હજારની લીધી છે. પોતાની બધી જરૂરિયાતો પોતાની જાતે મેળવી લેવી એવા સિદ્ધાંતના પાયા પર તેની સ્વયંસંપૂર્ણ વ્યવસ્થા ગોઠવો તો પાયાનો એ ઘટક બરાબર કામ આપશે.

ભારતવર્ષના આદર્શ ગામડાની રચના એવી હશે કે સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની અનુકૂળતા રહે. તેમાં પૂરતા હવા અજવાળાવાળી ઝૂંપડીઓ હશે, ને તે આસપાસના પાંચ માઈલના ઘેરાવામાંથી મળતી સાધનસામગ્રીથી બનેલી હશે. ઝૂંપડીઓને વાડા રાખેલા હશે જેથી તેમાં વસનાર માણસો તેમના ઘરના ઉપયોગ પૂરતાં શાકભાજી ઉગાડી શકે ને ઢોર રાખી શકે. ગામડાના રસ્તા ને શેરીઓ જેટલાં ધૂળ વિનાનાં બનાવી શકાય એટલાં બનાવાશે. ગામમાં ગામની જરૂરિયાત પૂરતા કૂવા હશે ને તેમાંથી પાણી ભરવાની સૌને છૂટ હશે. સૌને માટે ઉપાસનાનાં સ્થાનો હશે, એક સાર્વજનિક સભાસ્થાન હશે, ઢોરને ચરવા માટે ગોચર હશે, સહકારી પદ્ધતિએ ચાલતું દુગ્ધાલય હશે, ઔદ્યોગિક શિક્ષણને કેન્દ્રમાં રાખીને ચાલતી પ્રાથમિક ને માધ્યમિક શાળાઓ અને ઝગડા પતાવવા માટે પંચાયતો એ ગામડામાં હશે. ગામડું પોતાના ખપ પૂરતાં અનાજ, શાકભાજી ને ફળ પકવી લેશે, ને પોતાના વાપર પૂરતી ખાદી પેદા કરી લેશે. આદર્શ ગામડા વિશેની મારી કલ્પનાની આ રૂપરેખા છે.

પંચાયતરાજ

સ્વતંત્રતાની શરૂઆત પાયામાંથી થાય; એટલે કે, હિંદુસ્તાનનું એકેએક ગામ રાજ્યઅમલની પૂરેપૂરી સત્તા ધરાવનારું પ્રજાસત્તાક અથવા પંચાયત હોય. એનો અર્થ એ થયો કે, દરેક ગામ પોતાની તાકાત પર નભતું હોય, પોતાનો કુલ વહેવાર ચલાવવાને અને જરૂર પડે તો આખી દુનિયાની સામે પોતાનું રક્ષણ કરી લેવાને સમર્થ હોય. બહારથી આવતા કોઈ પણ પ્રકારના હુમલાની સામે પોતાનું રક્ષણ કરવાની તેને કેળવણી મળી હોય, અને તે રક્ષણના પ્રયાસમાં ખપી જવાની તેની તૈયારી હોય. આમ સરવાળે જુઓ, તો રાજ્યનો પાયાનો ઘટક વ્યક્તિ બને છે. પડોશીઓ અથવા બહારની દુનિયા પર આધાર રાખવાની અથવા તેમની રાજીખુશીથી જે મદદ આપે, તે લેવાની વાત આમાં સમાઈ જાય છે. આ સ્થિતિ સ્વેચ્છાએ પરસ્પર સહાય કરનારાં બળોની એકબીજા પરની અસરનું ફળ હશે. એ અનિવાર્ય છે કે, આવી જાતનો સમાજ ખૂબ સંસ્કારી હોય અને તેમાં દરેક સ્ત્રી કે પુરુષ પોતાને શું જોઈએ છે, તે વિશે ખબરદાર હોય, અને સૌથી વિશેષ તો એવી સમજવાળાં હોય કે, એક જ જાતની મજૂરીથી જે બીજાને ન મળી શકે, તે આપણને પણ ન મળે.

આ સમાજની રચના સ્વભાવિક રીતે જ સત્ય અને



અહિંસાના પાયા પર થાય અને મારો એવો અભિપ્રાય છે કે ઈશ્વર; એટલે કે, દુનિયાએ જાણેલાં સર્વ પ્રકારનાં બળોમાં જે વસે છે, પોતાની શક્તિ વડે જે જેની હસ્તી છે, જે વસ્તુમાત્રનું જ્ઞાન ધરાવે છે, જે કોઈના પર આધાર રાખતી નથી, અને જે બીજાં બળોનો કલ્પી શકાય તેવો નાશ થયા પછી અથવા તેમની અસર જણાતી અટકી જશે, ત્યાર પછી પણ પોતાનું કાર્ય કરતી હશે તે જીવંત શક્તિ પર સમજપૂર્વક શ્રદ્ધા રાખ્યા વિના એ સત્ય ને અહિંસા સંભવિત નથી. સર્વને પોતાના તેજથી પ્રકાશિત કરતી, સર્વવ્યાપી ચેતનમયી શક્તિ વિશેની શ્રદ્ધા વિના હું મારી પોતાની હસ્તીનું કારણ આપી શકતો નથી.

અસંખ્ય ગામડાંઓની બનેલી આ સમાજરચનાની આકૃતિ એક એકથી ઊંચે જતાં વર્તુળોની નહીં, પણ એકબીજાથી વિશાળ થતાં જતાં અને નાનાને મોટામાં સમાવી લેતાં વર્તુળોની હશે. જીવનનો ઘાટ સમુદ્રનાં અનંત સીમા સુધી વિસ્તરતાં જતાં મોજાંઓનાં વર્તુળનો હશે, જેનાં કેન્દ્રમાં પોતાના ગામને સારુ ખપી જવાને હરહંમેશ તત્પર એવી વ્યક્તિ હશે, અને ગામ વળી બીજાં ગામોના બનેલા પોતાના વર્તુળને માટે ખપી જવાને તત્પર રહેશે, અને આખરે આ રચનામાં સર્વ વર્તુળો મળીને એક જ પ્રાણવાળું એક શરીર બનશે. એ રચનામાં જે વ્યક્તિઓનો સમાવેશ થશે, તે પોતાના અહંકાર અથવા ઘમંડમાં કોઈ બીજાના પર આક્રમણ નહીં કરે, હંમેશ નમ્ર રહેશે અને સમુદ્રના વિશાળ વર્તુળમાં સમાયેલ સમસ્ત જીવનની ભવ્યતા પોતાના અંતરમાં અનુભવી, તે વર્તુળાત્મક અંગરૂપ ઘટક બની રહેશે.તેથી, આ વર્તુળાત્મક રચનામાં બહારની સીમા પર આવેલું સૌથી મોટું વર્તુળ પોતાની અંદર સમાતાં વર્તુળને કચડી નાખવાને પોતાનું સામર્થ્ય નહીં વાપરે, પણ અંદરના સર્વને બળ આપશે અને પોતાનું સામર્થ્ય પણ કેન્દ્રમાં રહેલી વ્યક્તિઓમાંથી મેળવશે. કોઈ પણ એવો ટોણો મારશે કે, આ તો આદર્શ થયો, સંપૂર્ણતાનું તરંગી ચિત્ર થયું, અને તેને વિશે વિચાર કરી નાહક વખત બગાડવાની જરૂર નથી. યુક્લિડની વ્યાખ્યાનું બિંદુ દોરી બતાવવાને માણસ સમર્થ નથી, છતાં તેનું કદી ઘટે નહીં તેવું મૂલ્ય છે. તેવી રીતે માણસજાતને જીવવું હોય, તો મારા આદર્શ ચિત્રની પણ કદી ઓછી ન થાય તેવી કિંમત છે. એ સાચા ચિત્રની અણીશુદ્ધિ સંપૂર્ણ સિદ્ધિ કદી ન થવાની, હોય, તોપણ હિંદુસ્તાન તેને માટે જીવે. આપણને જે કંઈ જોઈતું હોય, તેના જેવું કંઈકેય મેળવી શકીએ તે પહેલાં આપણી પાસે તેનો સંપૂર્ણ ખ્યાલ હોવો જોઈએ. હિંદુસ્તાનમાં એકેએક ગામનું પ્રજાસત્તાક સ્થાપવાની વાત સ્વીકારો, તો જ્યાં છેલ્લે આવનારો પહેલાના જેવો હોય, અથવા બીજા શબ્દોમાં કહીએ તો, જેમાં કોઈ પહેલો નથી ને કોઈ છેલ્લો નથી, તે મારું ચિત્ર વાસ્તવિક અને સત્ય છે, એવો હું દાવો કરું છું.

આ ચિત્રમાં દરેક ધર્મનું સરખા દરજ્જાનું તેમ જ ઘટતું સ્થાન રહેશે. આપણે સૌ એક ભવ્ય તરુવરનાં પાંદડાં જેવા છીએ અને તેનાં મૂળ પાતાળમાં પૃથ્વીના હૃદય સુધી પહોંચેલા હોવાથી, તેના થડને હલાવવાને કોઈ સમર્થ નથી. ગમે તેવા જોરદાર, તોફાની પવનથી તે હાલે તેમ નથી.

માણસની મજૂરીની જગ્યા લઈ લઈ તેને નકામી બનાવે અને સત્તાને થોડા લોકોના હાથમાં એકઠી કરી આપે, તેવાં યંત્રોને આ ચિત્રમાં સ્થાન નથી. સુસંસ્કૃત માનવી સમાજકુટુંબમાં મજૂરીનું સ્થાન અનન્ય છે. જે યંત્ર હરેક વ્યક્તિને સહાયરૂપ થાય, તેને અહીં સ્થાન છે. પણ, મારે કબૂલ કરવું જોઈએ કે, આવું યંત્ર કેવું હોય, અથવા હોવું જોઈએ, તેનો વ્યવસ્થિત વિચાર કરવા હું કદી બેઠો નથી. સિંગરના સીવવાના સંચાનો મેં વિચાર કર્યો છે, પરંતુ તે પણ ઉપરચોટિયો અથવા કામચલાઉ કે તૂટક જ કહેવાય. મારું ચિત્ર પૂરું કરવાને હમણાં જ એ વિચાર કરવા બેસવાની જરૂર નથી.

જ્યારે પંચાયતરાજ થશે ત્યારે પંચ બધું કરાવી લેશે. જમીનદાર, પૂંજીપતિ કે રાજા પોતાની તાકાત ત્યાં લગી જ નભાવી શકે જ્યાં લગી પ્રજા પોતાની તાકાત નથી ઓળખતી. લોક રૂઠે તો રાજા વગેરે શું કરી શકે ? પંચના રાજ્યમાં પંચ બધું પોતાના કાયદા વડે કરાવી લેશે.





પદ્મશ્રી ગુણવંત શાહ
ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠિત કટાર લેખક

# પરોઢિયે કલરવ



પક્ષીઓ પ્રાર્થના નથી કરતાં. એમનું મૌન એ જ એમની પ્રાર્થના ! પક્ષીઓ કીર્તન નથી કરતાં. એમનો કલરવ એ જ એમનું કીર્તન ! કલરવની નજીક પહોંચી શકે એવો માનવીય સ્વર કયો હોઈ શકે? નરસિંહ મહેતાએ રચેલાં પ્રભાતિયાં ગાતી વખતે થતું પ્રભુકીર્તન કલરવના કુળનું જણાય છે.

**અખિલ બ્રહ્માંડમાં એક તું**
**શ્રીહરિ,**
**જૂજવે રૂપે અનંત ભાસે;**
**દેહમાં દેવ તું, તેજમાં તત્વ તું,**
**શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે.**

પરોઢિયે કલરવ ઝીલવાનું કામ માત્ર કાન પર છોડવા જેવું નથી. આપણા સમગ્ર અસ્તિત્વને એકઠું કરીને કલરવને રોમેરોમથી પામવાનો છે. પરોઢિયાના આછા અજવાળામાં ધ્યાન માટે ઝાઝો પ્રયત્ન નથી કરવો પડતો. અસ્તિત્વના ઉત્સવમાં સામેલ થવું એ જ ધ્યાન ! એ ઉત્સવ પ્રતિક્ષણ ચાલી રહ્યો છે, પરંતુ પરોઢિયે આપણી સ્ફૂર્તિ અનોખી હોય છે. એ વેળાએ કીર્તન અને કલરવ વચ્ચે સુમેળ જામી જાય એ શક્ય છે.

બૃહદારણ્યક ઉપનિષદના પ્રથમ મંત્રમાં ઉષાનું અભિવાદન થયું છે. ઋષિ કહે છે : ઉષા તો યજ્ઞ માટેના અશ્વનું માથું છે (ૐ ઉષા વા અશ્વસ્ય મેધ્યસ્ય શિર:!) એ અશ્વની આંખ સૂર્ય છે. પવન એ અશ્વનો શ્વાસ છે.' પરોઢિયું રોજની ઘટના છે છતાંય નિત્યનૂતન ઘટના છે. પરોઢિયે પથારીમાં પડી રહેવા માટે માંદા હોવાનું જરૂરી નથી, પરંતુ પ્રમાદના પ્રેમમાં હોવાનું ફરજિયાત છે. દિવસની સુંદરતમ ક્ષણો વેડફી મારવાની કુટેવ છૂટે તો સમજાય કે જેનું પરોઢિયું એળે ગયું તેનો દિવસ એળે ગયો.

પક્ષીઓ આપણાં કરતાં વધારે શાણાં છે. માણસને શાણપણ કરતાં ચાલાકી પર વધારે શ્રધ્ધા હોય છે. ચાલાક માણસ એટલે એવો માણસ, જેને પોતાની જાતને છેતરવામાં સફળતાનો સ્વાદ પ્રાપ્ત થાય છે. પૃથ્વી પર સદીઓથી થતા ઉપદ્રવો માટે માણસની ચાલાકી જવાબદાર છે. ચાલાકીના ઉપદ્રવો સામે શાણપણ સદાય ઝૂઝતું રહ્યું છે. રામાયણ અને મહાભારત જેવાં મહાકાવ્યો ચાલાકી અને શાણપણ વચ્ચે ચાલતા સનાતન સંઘર્ષના કથા પ્રબંધો છે. રોજ પરોઢિયે અજવાળું અંધારાને અત્યંત ભદ્રતાપૂર્વક વિદાય આપે છે. ઉષાકાળ એટલે અંધારાનો વિદાય સમારંભ !

શાણપણ કદી ચાલાકીના ઉપદ્રવને હડસેલો નથી

મારતું. શાણપણ તો સ્મિતપૂર્વક ઉપદ્રવને સમજાવી-પટાવીને વિદાય કરે છે. પક્ષીઓ કદી વિદાય થતા અંધારાનો હુરિયો નથી બોલાવતાં. તેઓ 'તમસો મા જ્યોતિર્ગમય' જેવા શબ્દો થકી અંધારાને ખોટું લાગે તેવું કરતાં નથી. તેઓ તો સકલ લોકના અસ્તિત્વનું અભિવાદન કરે છે. એમના દિવ્ય અભિવાદનને લોકો કલરવ કહે છે. ધ્યાનસ્થ ચિત્તે કલરવ ઝીલવો એ જીવન નામની દિવ્ય ઘટનાનું સામૈયું કરવાની શ્રેષ્ઠ રીત છે. આપણું 'હોવુ' પરોઢિયાની ક્ષણોમાં વૃક્ષ જેવું આકાશમય હોય છે. દેશ અને દુનિયાની અન્ય પ્રજાઓ પાસે બીજું બધું હશે, પરંતુ પ્રભાતિયાં કેવળ ગુજરાતી પ્રજા પાસે જ છે. જેને નરસિંહ મહેતાનાં પ્રભાતિયાંની એકાદ પંક્તિ પણ મોઢે નથી તેવો ગુજરાતી ગમે તેટલો માલદાર હોય તોય અનાથાશ્રમનો બાળક જાણવો. આવાં બાળકોની સંખ્યા રોજ વધતી જાય છે.

જ્યારે ઓઢવા-પાથરવાનું ઓછું હોય અને ઠંડી વધારે હોય ત્યારે માણસ ટૂંટિયું વાળીને સૂઈ જાય છે. ફાટેલી ગોદડીને આકરો શિયાળો ન ગાંઠે ત્યારે ગરીબ માણસને ટૂંટિયું મદદરૂપ થાય છે. એ એક એવી શારીરિક ગોઠવણ છે, જેને પ્રતાપે માણસ પોતાના જ શરીરની હૂંફને સહારે પોષ માસની લાંબી રાત જેમતેમ ખેંચી કાઢે છે.

નાના હતા ત્યારે ઘરના વાડામાં ચૂલા પર કાળી પડી ગયેલી દેગડીમાં પાણી ગરમ થતું. કપાસની અને તુવેરની કરસાંટી ભાંગી ભાંગીને ચૂલામાં મૂકતાં રહીએ ત્યારે અડધા કલાકે ગરમ પાણી નહાવા મળતું. નાવણિયામાં ગરમ પાણી ખલાસ થઈ જાય ત્યારે મનમાં વસવસો રહી જતો. ઠંડી નખોરિયાં ભરતી હોય ત્યારે ખુલ્લા નાવણિયામાં ચારે બાજુએથી પવનના સુસવાટા રોકટોક વગર સતાવતા અને સતામણી ધ્રુજારી બની જતી. ગામ છૂટ્યું પછી તો નાવણિયું બાથરૂમ બની ગયું અને ગીઝર ગોઠવાઇ ગયું. ગયા શિયાળામાં હું નિરાંતે હૂંફના જામ મારા તનબદન પર ઠાલવી રહ્યો હતો ત્યારે એક મધુર સ્વર સંભળાયો : 'ગીઝરને કારણે વીજળીનું બીલ બહુ આવે છે માટે, સરકાર ! હવે બાથરૂમ છોડીને બહાર પધારો.' જીવનના પૂર્વાશ્રમમાં ગરમ પાણીનો જથ્થો પૂરતો ન હોવાને કારણે વેઠેલી ઠંડી વંચિતતાની પ્રતિક્રિયા મારા જવાબમાં ઠલવાઈ ગઈ : 'નથી બિયર પીતો કે નથી દારૂ પીતો. નથી સિગારેટ પીતો કે નથી ક્લબમાં જતો. આ માસ્તર વહેલો નિવૃત થયો પછી જીવનનો એકમાત્ર વૈભવ બાથરૂમમાં માણી રહ્યો છે. અરે ! વીજળીના બિલની તો ઐસી કી તૈસી !' મારે મન માલદાર હોવું એટલે કડકડતી ઠંડીમાં ધરાઇને ગરમ પાણીએ સ્નાન કરવું.

મુંબઈનો શિયાળો અમથું મીઠું મીઠું બોલતા આદમીની સહાનુભૂતિ જેવો છીછરો હોય છે. વડોદરાનો શિયાળો દાના દુશ્મન જેવો જણાય છે. રાતની નીરવ ઠંડીમાં પથારીમાં પ્રવેશવાનું નહીં, ભરાઇ જવાનું હોય છે. પંદર-વીસ મિનિટમાં તમારા જ શરીરની હૂંફ પથારીમાં વ્યાપી વળે છે. ટેબલ-લેમ્પની સ્વિચ ઑફ કરવા માટે લંબાયેલો હાથ પણ કામ પતાવીને ઝટપટ હૂંફ ભેગો થવાની ઉતાવળમાં હોય છે. વહેલી સવારે ચાલવા જવા માટે પથારીનો ત્યાગ કરતી વખતે એવું લાગે કે જાણે મહાભિનિષ્ક્રમણ થઈ રહ્યું છે.



શિયાળામાં હૂંફાળા વૈભવ સાથે વિચારવૈભવ ભળે ત્યારે બેડરૂમના અંધારામાં પણ બત્રીસે કોઠે દીવા થતા હોય છે. પ્રકાશની ગતિ કેટલી તેની શોધ માણસે કરી છે. અંધારાની ગતિ કેટલી? અંધારાની ગતિનો ખરો ખ્યાલ શિયાળાની કડકડતી રાતે ધ્યાનમાં બેઠેલા સાધકને આવે છે. શિયાળો બેસે છે ત્યારે નાતાલની રાતે મેરી મેગ્ડેલિનાનું પાવક સ્મરણ થાય છે. બે હજાર વર્ષો પહેલાં પથ્થરમારો કરનારું ટોળું એ પવિત્ર ગણિકાની પાછળ પડ્યું ત્યારે ઈસુએ લોકોને કહેલું : 'જેણે જીવનમાં કદીય પાપ ન કર્યું હોય તે એને પથ્થર મારી શકે છે.' છેલ્લાં બે હજાર વર્ષોમાં એ ગણિકા તો ઈસુની ભક્તિમાં સ્નાન કરીને આકાશના પિતાને શરણે જઈને આત્મસ્થ થઈ, પરંતુ પેલા ટોળાંમાં હીડનારા પથ્થરવાદીઓમાંથી હજી કોઈનો ઉદ્ધાર થયો નથી. ભીડધર્મ અને પથ્થરમારો એકરૂપ થઈ ગયા છે. આજે પણ ગરીબીના ફૂટપાથ પર ટૂંટિયું વાળીને પોઢેલી માણસાઈ પર આંસુ સારતા ઈસુને કદાચ ભાળી શકાય છે. ભગવાનનું પાષાણીકરણ થઈ જાય ત્યારે ઈસુ પણ લાચાર! કદાચ મેરી મેગ્ડેલિનાની પાછળ પથ્થરમારો કરનારા ટોળામાં આપણે પણ સામેલ હતા.

રાતની નીરવતામાં રજાઈની નીચે લપાયેલો સાડાપાંચ ફૂટનો દેહ હૂંફમાં પોઢી જાય તોય દેહ સાથે જોડાયેલું મન પથારી છોડીને ક્યાંનું ક્યાં પહોંચી જતું હોય છે. ઈસુ પર વારી ગયેલી મેરી મેગ્ડેલિનાનું ભાવગીત ' જીસસ ધ સુપરસ્ટાર' ફિલ્મમાં અત્યંત મધુર સ્વરમાં ગવાયું છે. કરુણામૂર્તિ બુદ્ધ આમ્રપાલી જેવી નગરનંદિનીને ત્યાં ભિક્ષા ગ્રહણ કરવા જઈ શક્યા અને વળી જીવનની છેલ્લી ભિક્ષા માટે ચુંદ લુહારને ત્યાં પણ જઈ શક્યા. પ્રેમમૂર્તિ ઈસુ પણ મેરી મેગ્ડેલિનના ત્યાં જઈ શક્યા. નવા કરારમાં ઈસુએ કહ્યું : 'સ્ત્રી ઉપર જે ખોટી નજર કરે છે તેટલામાં જ પોતાના મનમાં તે એની સાથે વ્યભિચાર કરી ચૂક્યો હોય છે.' વ્યભિચારનું ખરું ઉપસ્થાન માણસનું મન છે. મન ચંગા તો કથરોટમેં ગંગા !

પેરિસ જનારા પ્રવાસીઓ કલાપ્રેમી હોય કે ન હોય, તોય ચિત્રકળાના તીર્થધામ જેવા લૂવરેની મુલાકાત લેવાનું રાખે છે. રબરનાં ટાયરો પર દોડતી ત્યાંની મેટ્રો ટ્રેનો જે અવાજ આપણા કાનને વારંવાર પહોંચાડે તે ત્રાસજનક નથી હોતો. રાત પડે ત્યાં પેરિસની ઠંડીનું ચડી વાગે છે. ગરમ વસ્ત્રો ઠંડાં પડી જાય છે. ખુલ્લા નાક પર કોઈ છરી ફેરવી રહ્યું હોય એવું લાગે છે. મેટ્રો ટ્રેનમાંથી બહાર નીકળ્યા પછી ચારે દિશામાં ફેલાયેલાં પીળાં બોગદાંમાં ચાલતી વખતે દૂરથી આવતો મંગલધ્વનિ કાને પડે છે. દૂરથી પ્રતિઘોષ પામેલા એ મધુર સૂર કડકડતી ઠંડીમાં અધિક મધુર જણાય છે. અવાજની દિશામાં ચાલવા માંડો ત્યારે સમજાય છે કે પેરિસનો ભવ્ય ભિખારી વાયોલિન વગાડી રહ્યો છે અને તેની સામે ભોંય પર થોડાક સિક્કાઓ પડેલા હોય છે. સ્ટેશનની બહાર પેરિસનાં ગરીબ-ગુરબાં ગટરનાં ઢાંકણ પર સૂતેલાં હોય છે, કારણ કે નીચે વહેતા ગરમ પાણીને લીધે એમને થોડીક હૂંફ મળી રહે છે.

હૂંફાળી પથારીમાં લપાયેલા દેહમાંથી નીસરીને વિશ્વમાં ઘૂમી વળેલું મન ફરીથી પથારીમાં પાછું વળે છે. રન-વે છોડીને આકાશમાં ઉડ્ડયન કરવા માટે અધ્ધર થયેલું વિમાન ફરીથી રન-વે પર ઉતરાણ કરે તે રીતે પાછું ફરેલું મન બેડરૂમના અંધારામાં ધ્યાનસ્થ થવા માટે ઝટ તૈયાર નથી થતું. થોડીક ક્ષણો વીતે ત્યાં પક્ષીઓનો કલરવ શરૂ થાય છે. કલરવ કાને પડે ત્યારે સવાર પડી છે, એ બાબતે કોઈ શંકા નથી રહેતી કારણ કે પક્ષીઓ શાણાં હોય છે. ચાલાક નથી હોતાં. રોજ પરોઢિયે કલરવ શરૂ થાય ત્યારે ઘડિયાળ મેળવી શકાય તેવો અનુભવ થયો છે. પક્ષીઓને કોણ જગાડતું હશે ? રોજ સવારે કલરવ શરૂ થવાને વાર હોય ત્યારે પહેલું પક્ષી ઊગતા સૂરજના અભિવાદન માટે જે સ્વર વહેતો મેલે તેની પ્રતીક્ષા કરતી વખતે બે ઘટનાઓ ઉપકારક બને છે : મૌનસમુદ્ર અને એકાંતસમુદ્ર.





## જીપીબીઓ વિશે

સરદારધામ દ્વારા પ્રસ્થાપિત મિશન ૨૦૨૬ અંતર્ગત પ્રથમ હરોળના ૧૦,૦૦૦થી વધુ ઉદ્યોગપતિઓને સંગઠિત કરવા માટે ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશનની (GPBO) રચના કરવામાં આવી છે.

જીપીબીઓના નેટવર્કને જિલ્લા, રાજ્ય અને વિવિધ દેશોમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવ્યું છે. જીપીબીઓ દ્વારા ઉદ્યોગ જગત માટે ઉપયોગી એવા

- મોટીવેશનલ પ્રોગ્રામ
- ટ્રેઈનિંગ પ્રોગ્રામ
- સેક્ટર આધારિત B2B મીટિંગ્સ
- નવીન ટેક્નોલોજી અને આધુનિક ધંધાકીય અભિગમ માટેના આયોજનો કરવામાં આવે છે.

## P2P નેટવર્ક

GPBO દ્વારા પ્રસ્થાપિત P2P ઓનલાઈન બિઝનેસ નેટવર્ક ગામથી લઈને શહેર અને દેશ-વિદેશના તમામ પાટીદાર ઉદ્યોગકારો માટે નેટવર્કિંગનું શ્રેષ્ઠ માધ્યમ બની રહેશે. જેમાં નાના વ્યાપારીઓથી લઈને મોટા ઉદ્યોગપતિઓ પોતાના વ્યવસાયનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

P2P ઓનલાઈન નેટવર્ક આપના ઉત્પાદનો અને સેવાઓને પ્રમોટ કરવાનું શ્રેષ્ઠ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ ઉપરાંત P2P ઓનલાઈન નેટવર્ક દ્વારા ઉચ્ચ ગુણવત્તાવાળો કાચો માલ મેળવી શકશો તેમજ અન્ય જરૂરીયાતો માટેના સપ્લાયર્સ સાથે આપ સીધો સંપર્ક કરી શકશો.

## મુખ્ય ઉદ્દેશ

- ☑ એકબીજા સાથે નેટવર્કિંગ દ્વારા વ્યાપાર ઉદ્યોગમાં પરસ્પર ઉપયોગી થવું
- ☑ સમાજમાં નવા ઉદ્યોગ સાહસિકો તૈયાર કરવામાં ઉપયોગી થવું
- ☑ શિક્ષિત અને સક્ષમ યુવાઓને રોજગારીની તકો પુરી પાડવામાં ઉપયોગી થવું

## કોણ જોડાઈ શકે?

- ☑ નાના-મોટા બિઝનેસમેન
- ☑ પ્રોફેશનલ્સ
- ☑ સર્વિસ પ્રોવાઈડર્સ

## કેવી રીતે ઉપયોગી છે?

- ☑ પ્રોડક્ટ, સર્વિસ વિશેની માહિતી
- ☑ ઈ-મેઈલ અથવા ફોનથી સંપર્ક
- ☑ ધંધાકીય જોડાણ

## કઈ વિગતો અપલોડ કરી શકાય?

- ☑ કંપનીનું નામ તથા લોગો
- ☑ માલિકનું નામ તથા ફોટો
- ☑ સંપર્કની વિગતો
- ☑ કંપનીનું પ્રોડક્ટ લીસ્ટ તથા ફોટો
- ☑ કંપનીની પ્રોડક્ટ વિશે માહિતી
- ☑ કંપનીને જરૂરી રો-મટીરીયલ, સેવાઓ તથા જોબવર્કની વિગતો
- ☑ કંપનીને જરૂરી સ્ટાફની વિગતો



**૧૦ લાખ**
**બિઝનેસમેનનું જોડાણ**



સમસ્ત પાટીદારની એક્તાનું ધામ
**સરદારધામ**
વિશ્વ પાટીદાર સમાજ
આયોજીત

**મિશન ૨૦૨૬ અંતર્ગત**
**ગ્લોબલ પાટીદાર બિઝનેસ ઓર્ગેનાઈઝેશન**
**GPBO**

Register your Business in GPBO Network Application
Contact for More information Phone :-7575007183

www.gpbo.org GPBO

# સૌથી સુરક્ષિત માતાનું દૂધ



વૃંદા મનજીત
જાણીતા લેખિકા

સમગ્ર વિશ્વમાં ભાગ્યેજ એવી કોઈ વ્યક્તિ હશે જેણે માતાનું દૂધ નહીં પીધું હોય. માતાના દૂધને આમ પણ 'હિંમત' શબ્દનો પર્યાય માનવામાં આવે છે અને ગુજરાતીમાં એવી કહેવત પણ છે, કહે છે ને - 'માતાનું દૂધ પીધું હોય તો આવી જા મેદાનમાં'.

સૌ જાણતાં હશો, ઑગસ્ટનું પ્રથમ સપ્તાહ એટલે કે પહેલી ઑગસ્ટથી સાતમી ઑગસ્ટ સમગ્ર ૧૨૦ દેશોમાં 'વર્લ્ડ બ્રેસ્ટફીડિંગ વીક' તરીકે ઉજવાય છે. તમને જણાવું, ડબલ્યુએબીએ (વર્લ્ડ એલાયન્સ ફોર બ્રેસ્ટફીડિંગ એક્શન) એટલે કે વર્લ્ડ બ્રેસ્ટફીડિંગ વીકની વેબસાઈટ પણ છે જેમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૦માં ૭૯થી વધુ દેશોમાં ૪૮૮ સંસ્થાઓના ૪ લાખથી વધુ સહભાગીઓએ બ્રેસ્ટફીડિંગને માટે જાગરુકતા ફેલાવવા માટે ૫૪૦ ઈવેન્ટ કરી હતી. કહે છે કે માતાનું પ્રથમ ગાઢું પીળું દૂધ શિશુ માટે રક્ષા કવચનું કામ કરે છે. પરંતુ આધુનિકતાની ચકાચૌંધ એટલી હાવી થઈ ગઈ છે કે કેટલીક આધુનિક માતાઓ શિશુને આ 'અમૃત' સમાન દૂધથી વંચિત રાખે છે. રાષ્ટ્રીય પરિવાર સ્વાસ્થ્યના એક સર્વેનો આંકડો કહે છે કે માત્ર ૬૦થી ૭૦ ટકા શિશુને જન્મના એક કલાકની અંદર જ માતાનું ગાઢું પીળું દૂધ પાય છે.

માતાનું પ્રથમ ગાઢું પીળું દૂધ કોલોસ્ટ્રમથી ભરપૂર હોય છે. વૈજ્ઞાનિકો અને ચિકિત્સકો કહે છે કે આ દૂધ શિશુને સંક્રમણથી બચાવે છે, શિશુની રોગ પ્રતિરોધક ક્ષમતા વધે છે, તે રતાંધળાપણા જેવી બીમારીથી બચી શકે છે, તેમાં આવશ્યક પ્રત્યેક પોષક તત્ત્વો, એન્ટિબૉડીઝ, હોર્મોન અને એવાં ઓક્સિડન્ટ્સ હોય છે જે નવજાત શિશુના યોગ્ય વિકાસ અને સ્વાસ્થ્ય માટે અત્યંત જરૂરી હોય છે.

એક રસપ્રદ વાત એ છે કે ભારત જેવા ગરમ દેશમાં જ્યાં સૌ કોઈને પાણી પીવાની તરસ લાગતી હોય છે પરંતુ શિશુને માત્ર માતાના દૂધથી જ સંપૂર્ણ પોષણયુક્ત ભોજન અને પાણીની આપૂર્તિ થઈ જાય છે. ઉપરાંત તે તેનાથી સંતુષ્ટ પણ રહે છે સાથે તેનો વિકાસ પણ થાય છે.

બ્રેસ્ટ ફીડિંગ વીકની શરૂઆત વર્ષ ૧૯૯૨માં થઈ હતી અને હવે તે યુનિસેફ, ડબલ્યુએચઓ, સરકારો અને વિવિધ સંસ્થાનો તેમજ વ્યક્તિગત વ્યક્તિઓ દ્વારા ૧૨૦ દેશોમાં તે ઉજવાય છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય આવનારી પેઢીને સ્વસ્થ અને મજબૂત બનાવવા માતાઓને સ્તનપાન કરાવવા પ્રેરિત કરવાનો છે. ડબલ્યુએચઓ અને અમેરિકન એકેડેમી ઑફ પીડિયાટ્રિક્સે માતાને સ્તનપાન કરાવવા પર ભાર મૂક્યો છે અને તેઓ શિશુના જન્મ પછી ઓછામાં ઓછા છ મહિના સુધી શિશુએ સ્તનપાન કરવું આવશ્યક જણાવે છે. જોકે, તેઓ એ પણ કહે છે કે શિશુને તેના જન્મ પછી બે વર્ષ



સુધી સ્તનપાન કરાવતા રહેવાથી શિશુ શારીરિક રીતે સ્વસ્થ અને મજબૂત રહે છે ઉપરાંત તે ક્યારેય કુપોષિત રહેતું નથી.

સ્તનપાન વિશે જાગરુકતા ફેલાવવા માટે સરકાર તરફથી દરેક વર્ષના કાર્યક્રમની એક થીમ નિર્ધારિત કરવામાં આવતી હતી તેમાંની કેટલીક આકર્ષક થીમ છેઃ- સ્તનપાનઃ જીવનનું શિક્ષણ, સ્તનપાનઃ દરેક શિશુનો જન્મસિદ્ધ હક્ક, સ્તનપાન સ્વસ્થ માતા, સ્વસ્થ શિશુ, સ્તનપાનઃ સેફ, સાઉન્ડ અને સસ્ટેનેબલ, સ્તનપાનઃ જીવનમાં વિજેતાનું લક્ષ્ય, અને આ વર્ષે એટલે કે ૨૦૨૧ની થીમ છે- સ્તનપાનઃ ફાઉન્ડેશન ઑફ લાઈફ.

માતા બન્યા પછી શિશુના સ્વસ્થ ભવિષ્ય માટે સ્તનપાન કેટલું લાભદાયક છે તે વિશે જાગરુકતા ફેલાવવા તેમજ 'સ્તનપાન'ની સકારાત્મક અસરો વિશે જાણકારી આપવા ઑગસ્ટ મહિનાની પહેલી તારીખથી સાતમી તારીખ સુધી એક સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. માતાનું દૂધ તેના શિશુ માટે અમૃત સમાન છે અને તેના સ્વસ્થ ભવિષ્ય માટે અત્યંત ઉપયોગી છે.

માતાના દૂધમાં પ્રોટીન, વિટામિન્સ, કાર્બોહાઈડ્રેટ્સ, આયર્ન, કેલ્શિયમ, ફેટ અને એવા ઘણા બીજા પોષક તત્ત્વો હોય છે જેના દ્વારા શિશુના સ્વાસ્થ્યનો મજબૂત પાયો નંખાય છે. સ્પષ્ટ છે કે ઓછામાં ઓછા છ સપ્તાહ સુધી શિશુએ માતાનું દૂધ પીધું હોય છે તે ક્યારેય કુપોષિત રહેતું નથી. આ ઉપરાંત ન્યુમોનિયા, કોલેરા, શિશુમાં થતો કમળો અને
અન્ય અનેક રોગોથી શિશુને સુરક્ષા મળે છે.

આપણા દેશમાં પોષણયુક્ત ભોજન દરેક માટે આવશ્યક છે તે વાત સૌ જાણે તો છે, પરંતુ અનેક સ્થાને જોવા મળે છે કે પરિવારમાં દીકરાની વહુ ગર્ભવતી હોય તે સમયે જ્યારે તેને પૌષ્ટિક ભોજન જેમાં લીલાં શાકભાજી, ફળફળાદી, સૂકો મેવો અને દૂધ જેવી ભોજન સામગ્રી સામેલ હોવી જોઈએ ત્યારે અનેક સાસુઓ પોતાની વહુને આ પ્રકારનું ભોજન આપતી નથી હોતી. ઉપરાંત ગર્ભવતી મહિલાને ઘરનાં કામો સાથે યોગ્ય આરામ અને પરિવારજનોના સપોર્ટની જરૂર હોય છે જે પણ તેને ઉપલબ્ધ નથી હોતો. અનેક ગ્રામીણ ક્ષેત્રોમાં તો એવું જોવા મળ્યું છે કે ઘરમાં પશુપાલન કરતાં હોય અને ભરપૂર દૂધ, ઘી, દહીં, છાશ ઉપલબ્ધ હોય છતાંય વહુ તે માટે વંચિત રહી જાય છે. આવા સંજોગોમાં પરિવારજનોને જાગૃત કરવા માટે આ પ્રકારના આયોજનો સરકાર તરફથી કરવામાં આવે છે.

આ પ્રકારના આયોજનોમાં મોટાં મોટાં બેનરો, સ્લોગનયુક્ત પોસ્ટરો મૂકવામાં આવે છે. વળી પ્રાથમિક સ્વાસ્થ્ય કેન્દ્રમાં



કાર્યરત નર્સો અને આશા વર્કર્સ દ્વારા પણ અનેક પુસ્તિકાઓનું વિતરણ કરી તેમને આ વિશે ગ્રામીણ લોકોને જાગૃત કરવા માટેની સૂચના આપવામાં આવે છે.

સ્તનપાનથી શિશુને લાભ

સ્તનપાન એ શિશુ માટે પ્રકૃતિનો શ્રેષ્ઠ ખોરાક છે. સ્તનપાનનાં ઘટકો શિશુના આંતરડાં માટે આદર્શ રીતે યોગ્ય છે તેથી તે સરળતાથી પચી જાય છે.

સ્તનપાન શિશુના શરીરનું તાપમાન જાળવવામાં મદદ કરે છે. તેને હૂંફ પ્રદાન કરવા સાથે ત્વચાથી ત્વચા સુધીના સંપર્ક દ્વારા માતા અને શિશુ વચ્ચેના ભાવનાત્મક સંબંધને વધુ મજબૂત બનાવે છે.

સ્તનપાન શિશુને ચેપ સામે લડવામાં મદદ કરે છે. માતાના દૂધમાં એક પ્રકારનું એન્ટિબૉડી રહેલું હોય છે જે શિશુને ગેસ્ટ્રોએન્ટરાઈટીસ, શરદી, છાતી અને કાનના ચેપથી સુરક્ષિત રાખે છે.

સમયથી પહેલાં જન્મેલાં અને ઓછા વજનવાળા બાળકો માટે સ્તનપાન અત્યંત મહત્વપૂર્ણ છે. આનું કારણ એ છે કે માતાનું દૂધ તેને માટે પચાવવું સાવ સહેલું બની જાય છે.

સ્તનપાન પ્રોબાયોટીક બેક્ટેરિયા પ્રદાન કરે છે જે શિશુની પાચનશક્તિમાં થતી કોઈપણ પ્રકારની પીડા કે બળતરાને દૂર કરે છે.

સ્તનપાન કરાવવાથી શિશુને બાળપણથી જ શ્વાસ ચડવાનું અને ગંભીર એક્ઝિમા વિકસિત થવાનું જોખમ ઓછું થઈ જાય છે.

ઓછામાં ઓછા છ મહિના સુધી સ્તનપાન કરાવ્યું હશે તો શિશુ લ્યુકેમિયાથી બચી શકશે.

અનેકવાર જોવા મળે છે કે રસીકરણ દરમિયાન શિશુ ખૂબ રડતું હોય છે. આવા સમયે રસીકરણ પહેલાં અને રસીકરણ પછી જો તેને સ્તનપાન કરાવ્યું હોય તો તેની પીડા થોડી ઓછી થઈ શકે છે અને તે જલ્દી શાંત થઈ શકે છે.

જ્યારે માતા વિવિધ પ્રકારના સ્વાદવાળું ભોજન લે છે તે જ સ્વાદ શિશુને મળે છે અને દૂધ છોડીને તે ભોજન કરવાનું શરૂ કરે છે ત્યારે તેને નવા સ્વાદથી તેને પરેશાની નથી થતી.

છ મહિના પછી ભોજન કરાવવાનું શરૂ કર્યા સાથે પણ તેને નિર્ધારિત સમય પર સ્તનપાન કરાવતાં રહેવું જોઈએ.

સ્તનપાન શિશુના લાંબા ગાળાના સ્વાસ્થ્ય માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. સ્તનપાન કરતા શિશુમાં પુખ્ત વયે મેદસ્વીતા કે ડાયાબિટીસ થવાની શક્યતા અનેકગણી ઓછી થઈ જાય છે.

સ્તનપાનથી માત્ર શિશુને જ નહીં પરંતુ માતાને પણ અનેક લાભ થઈ શકે છે.

શિશુને સ્તનપાન કરાવવાથી માતાનું ગર્ભાશય તેની પૂર્વ સ્થિતિમાં પાછું સંકુચિત થવામાં સહાયતા કરે છે.

સ્તનપાન કરાવવાથી થોડા સમય માટે ઓવ્યુલેશન બંધ થઈ જાય છે તેથી થોડા સમય માટે પીરિયડથી પણ બચી શકાય છે.

માતા અને શિશુ વચ્ચેના બોન્ડને વધુ મજબૂત બનાવે છે. સ્તનપાન માતાને વજન ઘટાડવામાં મદદરૂપ થાય છે.

સ્તનપાન માતાના જીવનમાં ટાઈપ-૨ ડાયાબિટીસ, સ્તન કેન્સર અને અંડાશયનું કેન્સર થવાના જોખમને ટાળી શકે છે.

સ્તનપાન ઓસ્ટીઓપોરોસિસ અને રક્તવાહિનીના રોગોનું જોખમ ઘટાડવામાં મદદ કરે છે.

સ્તનપાન સુરક્ષિત છે, બોટલથી દૂધ પીવડાવતી વખતે બોટલ, તેની નીપલ ધોવાની અને સ્ટરિલાઈઝ કરવાની પ્રક્રિયા કરવી પડે છે ઉપરાંત કોઈપણ સમયે બોટલમાં દૂધ બનાવવા ચોક્કસ સમય કાઢવો પડે છે.

સ્તનપાન કરાવતી વખતે શિશુને લઈને બેસવું પડે છે, એટલો સમય માતાને આરામ મળી જાય છે.

સ્તનપાન કરાવવાથી શિશુમાં થતા વિકાસ અને વૃદ્ધિને જોતાં અસીમ શાંતિ અને સફળતાનો અહેસાસ થાય છે.

૧. જેમ જેમ શિશુ મોટું થતું જાય છે તેમ તેમ તેની શારીરિક અને માનસિક જરૂરિયાતો બદલાતી જાય છે પરંતુ માતાનું દૂધ એટલું સંપૂર્ણ હોય છે કે તેની પ્રત્યેક જરૂરિયાતો પૂર્ણ થાય છે.

૨. સ્તનપાન કરાવતી કેટલીક આધુનિક માતાઓ એવું માને છે કે સ્તનપાન કરાવવાથી સ્તન ઢીલાં પડી જાય છે પરંતુ આ એક ગેરમાન્યતા છે. સ્તનપાન કરાવનારી માતા દિવસમાં ૪૦૦ કેલરી વાપરે છે. આમ તેનું

વજન પણ જલ્દી નોર્મલ પર આવી જાય છે.

૩. શિશુ જન્મ સમયે માતાનું શરીર ક્યારેક ઘા અને દર્દમાંથી પસાર થાય છે. સ્તનપાન કરાવવાથી માતાને જે આરામ મળે છે તેના દ્વારા તે સામાન્ય સ્થિતિમાં જલ્દી આવી જાય છે.

૪. સ્તનપાન કરાવનારી માતાઓના હોર્મોન્સ સંતુલિત રહે છે જેથી તેના શરીરની ઊર્જા જળવાઈ રહે છે અને તેની ત્વચા ખીલ-ફોડલીઓથી મુક્ત રેશમી ચમકદાર બની રહે છે.

**સ્તનપાન કરાવનારી માતાનું ભોજન**

ગર્ભાવસ્થાના નવ મહિના ખૂબ સંભાળવાના હોય છે, ગર્ભવતીનું ભોજન, આરામ, મનના વિચારો, થોડી કસરત વગેરે ડૉક્ટરની સલાહ પ્રમાણે હોય છે. તે સાથે શિશુના જન્મ પછી પણ જયારે શિશુ સ્તનપાન કરતું હોય છે તે સમયે માતાનું ભોજન, આરામ, મનના વિચારો અને થોડી કસરત અત્યંત આવશ્યક હોય છે.

**મેથી દાણા**

મેથીના બીયાંમાં ઓમેગા-૩ ફેટ હોય છે જેનું સ્તનપાન કરાવનારી મહિલાઓએ અવશ્ય સેવન કરવું જોઈએ. આમ કરવાથી શિશુના મસ્તિષ્કનો વિકાસ થાય છે. ઉપરાંત તેમાં બીટાકેરોટીન, વિટામિન બી, આયર્ન અને કેલ્શિયમ પ્રચૂર માત્રામાં હોય છે.

મેથીની ચા, મેથીના થેપલાં વગેરે સ્તનપાન કરાવનારી મહિલાઓ માટે ખૂબ લાભદાયક માનવામાં આવે છે. તેથી જ પ્રસવ પછી માતાને માટે સૂંઠ, મેથી, કોપરું, ઘી અને અનેક સૂકા મેવા નાખી લાડવા બનાવવામાં આવે છે.

**વરિયાળી**

વરિયાળી દરેક મહિલા માટે ખૂબ ઉપયોગી છે. આયુર્વેદમાં કહે છે કે વરિયાળી નિયમિત રીતે ખાવાથી હોર્મોન બેલેન્સ રહે છે. માતાના સ્તનોમાં દૂધની આપૂર્તિ વધારવાનો આ એક પારંપરિક ઉપાય છે. માતા વરિયાળીનું સેવન કરે તો શિશુને ગેસ, પેટમાં દુખાવો જેવી સમસ્યા નથી થતી. વરિયાળી માતા અને શિશુની પાચનક્રિયામાં પણ સુધાર કરે છે. પ્રસવ પછી માતાને વરિયાળી, સુવા, મેથી અને અજમાની ચા



પીવડાવવામાં આવે છે.

**લસણ**

લસણ એક એવો પદાર્થ છે જે ખાવાથી માતાના સ્તનમાં દૂધમાં વધારો થાય છે અને શિશુ લાંબા સમય સુધી દૂધ પી શકે છે. એક અભ્યાસમાં એવું તારણ નીકળ્યું છે કે જે માતાઓએ લસણનો ઉપયોગ કર્યો હતો તેઓના શિશુને લાંબા ગાળા સુધી દૂધ મળી શકે છે.

**લીલાં શાકભાજી**

લીલાં શાકભાજી જેવાં કે પાલક, મેથી, સરસવ, તાંદળજામાં આયર્ન, કેલ્શિયમ અને ફોલેટ જેવા ખનિજો પ્રચૂર માત્રામાં મળી આવે છે. તેમાં બીટાકેરોટીન (વિટામિન-એ) અને રીબોફ્લેવિન જેવાં વિટામિન પણ હોય છે જે સ્તનોમાં દૂધ વધારવામાં સહાયક માનવામાં આવે છે. સ્તનપાન કરાવનારી માતાઓને દિવસમાં બંને સમય ભોજન કરતી વખતે લીલાં શાકભાજી ખાવાની સલાહ આપવામાં આવે છે.

**જીરું**

સ્તનોમાં દૂધનું પ્રમાણ વધારવાની સાથે સાથે એવું પણ કહેવાય છે કે જીરું પાચન ક્રિયામાં સુધાર લાવે છે અને પેટમાં ગેસ અથવા એસિડિટી થવાની શક્યતા ઘટાડે છે. જીરું ભારતીય વ્યંજનોમાં ખૂબ જ વપરાતો પદાર્થ છે જેમાં કેલ્શિયમ અને રીબોફ્લેવિન (વિટામિન બી) પ્રચૂર માત્રામાં રહેલાં હોય છે. જીરું, તલ, અજમો, ફ્લેક્સીડ્સ, સવા વગેરેનો મુખવાસ બનાવી રોજ બે ત્રણ વાર ખાવો જોઈએ.

**તલ**

તલ એક ડેરી ઉત્પાદન હોવા છતાં તે કેલ્શિયમનો ભંડાર માનવામાં આવે છે. સ્તનપાન કરાવનારી મહિલાઓને માટે કેલ્શિયમ એક ઉત્તમ પોષક તત્ત્વ માનવામાં આવે છે. તે શિશુના વિકાસની સાથે માતાના સ્વાસ્થ્ય માટે પણ અતિ

આવશ્યક તત્ત્વ છે. તલ અનેક વ્યંજનોમાં નાખી શકાય છે જેમ કે થેપલાં, મુઠિયાં, તલની ચીકી કે પછી મુખવાસ.

**તુલસી**

સ્તનપાન કરાવનારી મહિલાને માટે જ નહીં પરંતુ પ્રત્યેક વ્યક્તિ માટે તુલસીની ચા એક પારંપરિક અને સ્વાસ્થ્યવર્ધક પીણું છે. તુલસીની અસર ઠંડક આપનારી હોય છે. તુલસી કોઈપણ પ્રકારે લેવાથી શરીરમાં કફનો પ્રકોપ થતો નથી.

**સુવા**

સુવા આયર્ન, મેગ્નેશિયમ અને કેલ્શિયમનો શ્રેષ્ઠ સ્રોત છે. પ્રત્યેક પ્રસૂતાને દૂધની આપૂર્તિ, પાચનક્રિયામાં સુધાર અને ગાઢ નિદ્રા માટે અત્યંત ઉપયોગી છે. સુવા મૂત્રવર્ધક પણ માનવામાં આવે છે તેથી તેનું સેવન સીમિત માત્રામાં કરવું જોઈએ. સામાન્ય રીતે સુવા મુખવાસ સાથે ભેળવીને ખવાય છે અથવા તેને તુલસીની ચામાં પણ નાખીને પી શકાય છે.

**દૂધી અને તુરિયાં**

દૂધી, તુરિયાં કે ટિંડા જેવાં શાક પૌષ્ટિક તો હોય જ છે સાથે તેમાં કેલરી ઓછી હોવાથી પચવામાં હલકું હોય છે. કોલેસ્ટરોલ ઓછું કરવા અથવા સામાન્ય રાખવા માટે દૂધી એક ઉત્તમ શાક છે. તેને શાક તરીકે ઓછા તેલમાં બનાવવું જોઈએ અથવા તેનો જ્યૂસ પણ અત્યંત લાભદાયી હોય છે.

**દાળ અને કઠોળ**

દરેક દાળ અને કઠોળમાં પ્રોટીન, આયર્ન અને ફાઈબર પ્રચૂર માત્રામાં હોય છે. તેનું નિયમિત યોગ્ય પ્રમાણમાં સેવન કરવાથી શરીર સ્વસ્થ અને ઊર્જાવાન રહે છે.

**સૂકા મેવા**

સૂકા મેવા જેવાં કે બદામ, કાજુ, અખરોટ વિટામિન અને ખનિજનો ભંડાર માનવામાં આવે છે. સ્તનપાન કરાવનારી માતાને શીરો, મસાલા દૂધ તેમજ અન્ય કોઈપણ રુપે સૂકા મેવા આપવાથી તેના શરીરમાં રહેલી ઉણપની પૂર્તિ થાય છે, શરીરમાં ઊર્જા વધે છે અને ત્વચામાં પણ ચમક આવે છે.

**દલિયા**

દલિયા એટલે ઘઉંના ફાડા. સામાન્ય રીતે કહેવાય છે કે રાત્રિ ભોજન હલ્કું હોવું જોઈએ. જોકે, દિવસે પણ દલિયાની ખીચડી ખાઈ શકાય છે. દલિયાને દૂધમાં નાખીને પણ લેવાય છે. ઘઉંના ફાડાનો કંસાર બનાવી તેમાં ખાંડને બદલે ગોળ અને ઘી નાખીને આપવાથી માતાના શરીરમાં ઊર્જા આવે છે અને દલિયામાં રહેલા ફાઈબરથી પાચનતંત્ર સુચારુ બને છે.

**બ્રાઉન રાઈસ**

સામાન્ય રીતે સફેદ ચોખામાં કાર્બોહાઈડ્રેટનું પ્રમાણ વધુ હોય છે. તેની સામે બ્રાઉન રાઈસ એટલે પૉલિશ કર્યા વગરના ડાંગરનું ઉપરનું છોંતરું કાઢી નાખ્યા પછી બાકી રહેલ બ્રાઉન તત્વ સહિતના ચોખા. ચોખાની ઉપર રહેલ આ બ્રાઉન તત્વ શરીર માટે અત્યંત લાભકારક હોય છે. તે પચવામાં અન્ય ચોખા કરતાં હલ્કાં છે અને વધુ પોષક હોય છે.

**સંતરા**

સંતરામાં વિટામિન સી હોય છે તે સૌ જાણે છે પરંતુ તેની સાથે તેમાં વિટામિન-એ, વિટામિન-બી, કેલ્શિયમ, મેગ્નિશિયમ, પોટેશિયમ અને ફોસ્ફરસ જેવા પોષક તત્વો પણ રહેલાં હોય છે. સ્તનપાન કરાવતી માતાએ દિવસમાં ઓછામાં ઓછા બે ગ્લાસ સંતરાનો રસ પીવો જોઈએ જેથી તેનું શરીર હાઈડ્રેટેડ રહે છે અને તેનું વજન ઓછું કરવામાં સહાયક બને છે.

**પાલક**

માત્ર પાલક જ નહીં પરંતુ અન્ય લીલાં શાક પ્રત્યેક સ્તનપાન કરાવનારી માતા માટે અત્યંત ફાયદાકારક હોય છે. પ્રત્યેક માતાએ કોબીજ, પાલક, પરવળ, દૂધી વગેરે શાક ભરપૂર ખાવાં જોઈએ. તેમાં કેલ્શિયમ, એન્ટિઓક્સિડન્ટ્સ અને ફોલેટ રહેલાં હોય છે ઉપરાંત તે ફાઈબરનો શ્રેષ્ઠ સ્રોત હોય છે તેથી માતા-શિશુની રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય છે.



### શક્કરિયાં
શક્કરિયાં પોટેશિયમનો પ્રમુખ સ્રોત છે. તેમાં રહેલી ઊર્જા કાર્બોહાઈડ્રેટ ઉત્પન્ન કરે છે જે સામાન્ય થાક સામે લડવા માટે સક્ષમ હોય છે. તેમાં વિટામિન-સી અને બી-કૉમ્પ્લેક્સ રહેલું હોય છે ઉપરાંત શરીરની માંસપેશીઓને આરામ આપનારું તત્ત્વ મોગ્નિશિયમ રહેલું હોય છે.

### ખસખસ
સ્તનપાન કરાવનારી પ્રત્યેક માતા માટે ખસખસ એક મહત્ત્વપૂર્ણ પદાર્થ છે. તેને પ્રસૂતા માટે બનાવવામાં આવતા લાડવામાં કે દૂધમાં ખસખસ નાખવાથી તેનો સ્વાદ સારો લાગે છે ઉપરાંત તે શરીરમાં રહેલી એંગ્ઝાઈટી દૂર કરી શાંતિ પ્રદાન કરે છે.



### ગાજર
ગાજર અનેક પ્રકારે ખાઈ શકાય છે. તેનું સલાડ બને છે, તેનો શીરો બની શકે છે, તેનો જ્યૂસ પણ અત્યંત સ્વાદિષ્ટ બને છે. ટામેટાના સૂપમાં પણ ગાજર નાખવાથી તેનો સ્વાદ બમણો થઈ જાય છે. ગાજરમાં વિટામિન-એ, આલ્ફા અને બીટા કેરોટીન રહેલું હોય છે. માતા અને શિશુ બંને માટે તે અત્યંત પૌષ્ટિક પદાર્થ સાબિત થાય છે.

### પાણી અને જ્યૂસ
સામાન્ય રીતે સ્તનપાન કરાવનારી માતાઓને તરસ ખૂબ લાગે છે. આવા સમયે તેને માટે શુદ્ધ પાણી અને શાક કે ફળનો જ્યૂસ ખૂબ લાભદાયી નિવડે છે. કોઈપણ જ્યૂસ પીવાથી શરીરમાં વિવિધ પ્રકારના પોષક તત્ત્વો મળી રહેતાં હોય છે. માત્ર એટલું જ ધ્યાનમાં રાખવું જોઈએ કે જે સમયે સ્તનપાન કરાવતી હોય તે સમયે પાણી કે જ્યૂસ ન પીવું.

### જરદાળું
સામાન્ય રીતે જરદાળું અત્યંત પૌષ્ટિક પદાર્થ છે. તેમાં રહેલાં રસાયણો હોર્મોન બેલેન્સ કરે છે. તેમાં રહેલું ફાઈબર અને કેલ્શિયમ માતાના સ્તનોમાં દૂધ વધારવામાં સહાયતા કરે છે.

### ડુંગળી
ભોજનમાં ડુંગળીનું સેવન કરવું દરેક માતા માટે અત્યંત જરૂરી હોય છે. ડુંગળી કાચી પણ ખાઈ શકાય અને તેનું પૌષ્ટિક તત્ત્વ વધારવું હોય તો તેને ઘીમાં સાંતળીને ખવડાવવું જોઈએ.

### સોયાબીન
સોયા દૂધમાં ઉચ્ચતમ માત્રામાં પ્રોટીન રહેલું હોય છે ઉપરાંત તેનું સેવન કરવાથી હાડકાં મજબૂત થાય છે. સોયાબીનનું સેવન કરવાથી માતાના સ્તનોમાં દૂધનું પ્રમાણ વધે છે અને તે પણ શિશુ માટે ખૂબ પૌષ્ટિક સાબિત થાય છે. ઑગસ્ટ મહિનાના પ્રથમ સપ્તાહને 'સ્તનપાન સપ્તાહ' તરીકે ઉજવવામાં આવે છે કારણ કે આ પ્રકારના કાર્યક્રમો દ્વારા આજનું શિશુ જે આવતી કાલનું નાગરિક છે તેને સ્વસ્થ બનાવવાના પ્રયત્નોમાં સરકારનું આ શ્રેષ્ઠ પગલું છે. સરકાર સાથે મહિલાઓ અને બાળકો માટે કાર્યરત પ્રત્યેક સ્વયંસેવી સંસ્થાઓએ પણ આગળ ચાલી આ પ્રકારના કાર્યક્રમો કરી મહિલાઓને જાગૃત કરવામાં પોતાનો ફાળો આપવો અત્યંત જરૂરી છે.








**સુધા મૂર્તિ**

ચેરપર્સન, ઈન્ફોસિસ ફાઉન્ડેશન, બેંગલુરૂ

ભાવાનુવાદ

**સોનલ મોદી**

# માન આપો તો માન મળશે

પ્રોફેસર હોવાને કારણે મારે ઘણા જ યુવાન મિત્રોને તેમજ તેમના વાલીઓને મળવાનું થાય છે. બધા યુવાનોની એક જ ફરિયાદ હોય છે. 'અમારાં પપ્પા મમ્મી અમને સમજી શકતાં નથી. અમે અમારી જવાબદારી સમજીએ છીએ છતાંય સલાહ – સૂચન આપ્યા જ કરે છે.' સામે વાલીઓની પણ દલીલ વિચારવા યોગ્ય હોય છે. 'આજની યુવાન પેઢીને, અમારાં છોકરાંઓને અમારા પ્રત્યે માન જ નથી. ખૂબ જ વંઠી અને છકી ગયાં છે. બસ, આખો દિવસ ટી. વી., વાંચનનો તો કોઈ શોખ જ નથી રહ્યો.'

હમણાં ત્રણચાર મહિના પહેલાં હું ઈજિપ્ત ગઈ હતી. ઈજિપ્તનો સૌથી પ્રાચીન પિરામિડ સાક્કારામાં છે, જે ઈજિપ્તના પાટનગર કેરોથી લગભગ ૨૫ કી.મી. દૂર છે. આ પાંચ માળની ઈમારત ફેરો-રાજા જોશિયેર માટે બનાવવામાં આવેલ અને તેના આર્કિટેકટ ઈમેન્ટોટેપ હતા. જે પોતાના સમયમાં ખૂબ જ વિદ્વાન ગણાતા.

મારી સાથે ઈજિપ્શિયન આર્કિટેકચરનો એક વિદ્યાર્થી હતો. ખૂબ જ હોશિયાર અને ઉત્સાહી છોકરો. પિરામિડમાં લખેલ લખાણો ઉકેલવાની લિપિનો તે જાણકાર હતો. મને કહે, 'મેડમ, તમારે જાણવું છે, આ લોકોએ પાંચ હજાર વર્ષ પહેલાં આ બધું શું લખ્યું છે ?' મેં કહ્યું 'ચોક્કસ. મને સમજાવ.' મને કહે, 'મેડમ, તમારે જાણવું છે, તેનો સૂર એવો છે કે, આવતી પેઢી ખૂબ જ વંઠેલી અને નઠારી હશે. પૈસાની તો તેમને કોઈ કિંમત જ નહીં હોય અને જીવન



પ્રત્યેનો અભિગમ રેઢિયાળ હશે. શી ખબર આવતી પેઢીનું શું થશે !? ભગવાન જ તમને ઉગારી શકશે.'

આ સાંભળતાં જ મારા મનમાં મારા વિધાર્થીઓ અને તેમના વાલીઓની વાત ઝબકી. આજે પણ આપણે આ જ રીતે વિચારીએ છીએ ને ? કદાચ દરેક જૂની પેઢી પોતાની ભવિષ્યની પેઢી વિષે આ રીતે જ વિચારતી હશે. છેલ્લાં પાંચ હજાર વર્ષોથી આમ જ ચાલતું આવે છે.

મને મારો યુવાન દીકરો યાદ આવ્યો. એક દિવસ અમે બે ગપ્પાં મારી રહ્યાં હતાં ને સહસા જ મેં એને પૂછ્યું, 'બેટા, તારા મતે આ સદીની ત્રણ સૌથી ક્રાંતિકારી ઘટનાઓ કઈ કહી શકાય ? મારી સામે જોઈને કહે, 'મમ્મી, તું ઘરમાંય ટીચરવેડા ન કર. જોકે, સાચુ કહું તો તારો પ્રશ્ન સરસ છે. મારા મતે આ સદીની ત્રણ સૌથી ક્રાંતિકારી બીનામાં એક તો અહિંસાનો ગાંધીજીનો વિચાર, હિંસાની દૂરગામી અસરો અને માહિતીનો વિસ્ફોટ ગણી શકાય.'

હું નવાઈ પામી ગઈ. જેને હું નાનો જ માનતી હતી તેવો આ યુવાન પોતાના વિચારો સ્પષ્ટપણે રજૂ કરી રહ્યો હતો.

મને કહે, 'મા, ગાંધીજી અને તેમના અહિંસાના વિચારો મને ખૂબ જ ક્રાંતિકારી લાગે છે. આટલી શક્તિશાળી બ્રિટિશ સલ્તનત સામે આ ખાદીધારી, ખૂબ નબળા માણસે લોહીનું ટીપુંય રેડ્યા વગર અહિંસક ચળવળ ઉપાડી. કોઈ શસ્ત્રો નહીં, કોઈ પૈસા નહીં, પણ લોકોનો ભરપૂર પ્રેમ અને સહકાર. ગાંધીજીને તો નોબેલ પ્રાઈઝ મળવું જોઈતું હતું. તેમની રાહે ચાલનાર નેલ્સન માંડેલા અને બર્માના અંગ-સાન-સૂ-કી પણ પોતાના દેશને અહિંસક લડતથી જ આઝાદી અપાવી શક્યા ને !?'

બીજી લડત લગભગ એ જ સમયે ચાલતી હતી. ખૂબ જ લોહિયાળ અને હિંસક. આ લડતનો નેતા હતો હિટલર. મનમાં યહૂદીઓ માટે ભારોભાર રોષ અને ઘૃણા. તેણે માખીમચ્છરની જેમ માણસોને માર્યા અને બીજા વિશ્વયુદ્ધનો પ્રણેતા બન્યો. એક ગાંડા માનવીએ લાખોને નુકસાન પહોંચાડીને દીધું.

મને લાગ્યું કે વાત તો સાચી છે. આજે ઈરાકમાં અને અફઘાનિસ્તાનમાં શું ચાલી રહ્યું છે ?

એક-બે હિંસાખોર વ્યક્તિઓના નાદાન વિચારો અને આચરણનો ભોગ હજારો નિર્દોષ સ્ત્રીપુરુષો તથા સુંદર, ભોળાં બાળકો બની રહ્યાં છે.

પણ છતાંય મેં તેને કહ્યું, દીકરા, તને નથી લાગતું કે કમ્પ્યૂટરે તો સમૂળી ક્રાંતિ જ લાવી દીધી છે?' જવાબ મળ્યો, 'ના મા, આજે આપણે બધા આટલાં નજીક આવ્યાં





છીએ, તેનું મુખ્ય કારણ પ્રસાર માધ્યમોમાં આવેલ સમૂળી ક્રાંતિ અને ઇન્ટરનેટ, પૃથ્વી જાણે કે સંકોચાઈ જઈને આપણા ઘરમાં આવી ગઈ છે. જોકે, આનો અર્થ એવો નથી કે આપણે આપણી સંસ્કૃતિનો ત્યાગ કરીને પશ્ચિમનું આંધળું અનુકરણ કરવું જોઈએ. દુનિયામાં બીજે ક્યાં, શું અને કેમ ચાલી રહ્યું છે તેની માહિતી હવે જોતજોતામાં મળી જાય છે.'

હું સ્તબ્ધ થઇ ગઈ. આ મારો શું એ જ નાનકડો દીકરો છે જેને હું પેન્સિલ પકડતાં શીખવતી હતી? આજે એ જ મને અહિંસા, શાંતિ અને કમ્યૂનિકેશન વિષે ભાષણ આપી રહ્યો હતો.

મને ચોક્કસ ખાતરી ખાતરી છે કે મારા જેવી લાગણી ઘણાં માતાપિતાને પોતાનાં યુવાન પુત્ર-પુત્રીઓ માટે થતી હશે. એટલું તો ચોક્કસ માનવું જ પડે કે, આ નવી પેઢી આપણા કરતાં ઘણી વધારે હોશિયાર છે. તેમની ઉંમર સામે જોયા વગર, તેમના વિચારોને સમજીને તેમને માન આપવામાં આવે તો જ તેઓ પણ તમારું માન રાખશે. 'You Give respect, you will get respect.'

ઘણા સમયથી મારા પુત્રને આગળ ભણવા પરદેશ જવું હતું. મને થતું, પોતાનું એકેય કામ જાતે નથી કરતો તે એકલો કેમ કરીને રહેશે? ખોટી સોબતમાં તો નહીં ફસાઈ જાય ને? પણ મને હવે ખાતરી થઇ કે આ પક્ષીને ઊડવા દેવામાં વાંધો નથી. તેની પાંખો ઘણી મજબૂત છે. તેને ઊડવા દઈશું તો જ તેની પ્રગતિ થશે.



-સ્વામી વિવેકાનંદ



# શિક્ષણ, સામાજિક અનિષ્ટોનું અમોઘ ઔષધ

## આધુનિક શિક્ષણપ્રથા

આજે તમે જે શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છો તેનાંય અમુક તત્ત્વો તો સારાં છે, પણ એનાથી એટલા બધા ગેરફાયદા થાય છે કે આ સારાં તત્ત્વો એથી નહિવત્ જ બની રહે છે. પહેલું તો એ કે આ શિક્ષણથી માનવ ઘડાતો નથી, એ તો કેવળ નકારાત્મક છે ને આવું નકારાત્મક શિક્ષણ તો મૃત્યુ કરતાં ભૂંડું હોય છે. બાળકને નિશાળે મૂકવામાં આવે છે; સૌથી પહેલું એ શીખવવામાં આવે છે કે એના બાપ મૂરખ છે; બીજું એના દાદા પાગલ હતા; ત્રીજું એના બધા શિક્ષકો દંભી છે; ચોથું, એ બધાં ધર્મપુસ્તકોમાં નરાતર જુઠ્ઠાણું ભર્યું છે ! એ સોળ વર્ષનો થાય ત્યાં સુધીમાં તો એ આવી પ્રાણહીન, અસ્થિહીન, કેવળ નકારાત્મક વાતોના ભંડાર જેવો જ બની જાય છે; વળી છેલ્લા પચાસ વર્ષ સુધીમાં એક પણ મૌલિક શક્તિવાળો સાચો માણસ પાક્યો નથી, એ આનું પરિણામ ! ને જો કોઈ એવો પ્રતિભાશાળી મળી આવશે તો તે અહીં શિક્ષણ નહિ પામ્યો હોય, અથવા તો આજના વહેમોથી પરિશુદ્ધ થવાને એ ફરી પ્રાચીન વિદ્યાપીઠો ગયો હશે.

બાલ્યકાળથી જ આપણે આ પ્રકારનું નકારાત્મક શિક્ષણ પામતા આવ્યા છીએ. આપણે નગણ્ય છીએ એટલું જ આપણે શીખ્યા છીએ. આ દેશમાં પણ કદીક મહાન વિભૂતિઓ જન્મી હતી એવું તો આપણને ભાગ્યે જ શીખવવામાં આવે છે. કશું પણ સંગીન સ્વરૂપનું આપણને કદીય શીખવવામાં આવતું નથી. આપણા હાથપગ કેવી રીતે ચલાવવા તે પણ આપણે જાણતા નથી હોતા ! આપણે કેવળ આપણી નિર્બળતાઓનું જ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય છે.



આજની શિક્ષણપ્રથા તો માત્ર કારકુનને જ ઉત્પન્ન કરનારું યંત્ર છે. અરે ! એટલેથી જ જો અટક્યું હોત તો પણ વિધિનો ઉપકાર માનત. પણ ના ! જુઓ તો ખરા, માણસો કેવા શ્રદ્ધાહીન, આસ્થાહીન બનતા જાય છે ! એ લોકો છાતી ઠોકીને બેધડક કહે છે કે ગીતા તો મહાભારતનો પ્રક્ષિપ્ત અંશ છે ને વેદ તો ગ્રામજનોનાં લોકગીતો જ છે ! ભારત બહારની વસ્તુઓ અને પ્રજાઓને લગતી નાનામાં નાની વિગત પર પ્રભુત્વ મેળવવાનું એમને ગમશે, પણ જો તમે એમને એમની સાત પેઢી સુધીના વડવાઓનાં નામ માત્ર પૂછશો-ચૌદ પેઢી સુધીની વાત જ જવા દો-તો એ વિશે એઓ કશુંયે જાણતા હશે નહિ !

આપણા પંડિતો આપણાં બાળકોને પોપટ બનાવી મૂકે છે. અનેક વિષય ગોખાવીને એમનાં મગજને ક્ષીણ કરી મૂકે છે. ભલા ભગવાન ! સ્નાતક થવા માટે કેટલી ધમાલ, અને થયા કે થોડા દિવસ પછી બધું જ ફરી ટાઢું ટપ ! એ બધું છતાં, આખરે તો આપણા ધર્મ અને આપણા રીતરિવાજો ખરાબ છે ને પશ્ચિમના લોકોનો ધર્મ ને રીતરીવાજો સારાં છે એટલું જ-એ સિવાય એ લોકો બીજું શીખવે છે ? ભૂખનો હાઉ એમને સતાવવા માંડે છે ! આ ઉચ્ચ શિક્ષણ જાય કે રહે તેથી આપણે શું ? આના કરતાં તો લોકો થોડી ઘણી હુન્નરઉદ્યોગની કેળવણી લેતા હોય તો વધારે સારું કે જેથી કંઇ ને કંઇ કામધંધો કરી રોટલો તો રળી શકે ! એથી બીજાને બારણે ધક્કા ખાઈને સેવાચાકરીની યાચના કરવાનું તો નહિ રહે !

જેને પરિણામે સદીઓથી આપણી સંકલ્પશક્તિ કુંઠિત થઈને મૃતપ્રાય થઈ ગઈ તેને આપણે શિક્ષણ કહીશું? જેના પ્રતાપે આપણા જૂના વિચારો, નવાનો તો ઉલ્લેખ જ શું કરવો, પણ હવે એક પછી એક અદ્રશ્ય થતા જાય છે તેને શું શિક્ષણ કહી શું ? જે માણસને ધીમેધીમે યંત્ર જેવો બનાવતું જાય છે તે શિક્ષણ ? પોતાની સ્વતંત્ર ઇચ્છાશક્તિ અને દોરવણીને સ્વીકારીને ખોટા પડવું તે આવા યંત્રવત્ બનવા કરતાં હજારગણું સારું એવું હું તો માનું છું.

ઠીક, જો કોઈ માણસ અમુક પરીક્ષામાં ઉત્તીર્ણ થાય અને વ્યાખ્યાનો આપી શકે તો જ તે કેળવાયેલો છે એમ તમે માનો છો. જીવન માટેના સંઘર્ષમાં ટકી રહેવા પૂરતી સાધનસામગ્રી સામાન્ય જનસમૂહને પ્રાપ્ત કરી આપવામાં જે શિક્ષણ મદદ નથી કરી શકતું, જે શિક્ષણ ચારિત્ર્ય-બળ, પરોપકારની ભાવના અને સિંહના જેવી હિંમત ખીલવી



નથી શકતું તે શિક્ષણના નામને પણ લાયક છે ખરું ? તમે અત્યારે શાળાઓમાં અને કૉલેજોમાં જે શિક્ષણ પામો છો તે તમને અજીર્ણથી પીડાતા રોગીઓ જ બનાવી મૂકે છે. તમે કેવળ યંત્ર જેમ કાર્ય કર્યે જાઓ છો અને કૂવામાંના દેડકા જેવું જીવન જીવો છો.

## સાચું શિક્ષણ

શિક્ષણ એટલે શું ?

પુસ્તકાભ્યાસ ?ના. અનેકવિધ જ્ઞાન ? એ પણ નહિ. જે કેળવણીથી ઇચ્છાશક્તિનો પ્રવાહ અને આવિષ્કાર સંયત બનીને ફળદાયી બની શકે તેનું નામ શિક્ષણ. સાચા શિક્ષણને એક પ્રકારની વિશિષ્ટ શક્તિ અથવા તો સમર્થ અને શુભ સંકલ્પો કરતા શીખવવાની કેળવણી તરીકે વર્ણવી શકાય. શિક્ષણ એટલે કેવળ શબ્દોનો મેળો નહિ.

માનવનું ઘડતર એ જ દરેક સાચા શિક્ષણનું ધ્યેય હોવું જોઇએ. શિક્ષણ એટલે તમારા મગજમાં એકઠો થઈને આત્મસાત્ બન્યા વિના જીવનભર ઉત્પાત મચાવ્યા કરનારો માહિતીઓનો ઢગલો નહિ. જીવન ઘડનારા, સાચા માનવીનું નિર્માણ કરનારા, ચારિત્ર્ય વિકસાવનારા વિચારોને આત્મસાત્ કરવાની આપણને ઘણી જરૂર છે. જો તમે કેવળ પાંચ જ વિચારને આત્મસાત્ કરી તમારા જીવન સાથે, સ્વભાવ સાથે એકરૂપ કરી શક્યા હો, તો એકપુસ્તકાલયના ગ્રંથોને કંઠસ્થ કરનારાનાં કરતાં તમારામાં વિશેષ જ્ઞાન છે એટલું જરૂર માનજો. યથા ખરચંદનભારવાહી ભારસ્ય વેત્તા ન તુ ચંદનસ્ય ! ‘ચંદનકાષ્ઠનો ભારો લઈ જનાર ગધેડો લાકડાના ભારને જ જાણે છે, ચંદનની સૌરભને ઓળખતો નથી.’ જો માહિતીના સંચયનું નામ જ શિક્ષણ હોય તો પુસ્તકાલયોને મહર્ષિઓ કહેવા જોઇએ અને જ્ઞાનકોશને ઋષિઓ તરીકે ઓળખવા જોઇએ.

આજે પ્રવર્તી રહેલી શિક્ષણ-પ્રથાને હું શિક્ષણ કહેતો નથી. મારે મન શિક્ષણ એટલે કશીક સંગીન પ્રકારની કેળવણી. કેવળ પુસ્તકિયા જ્ઞાનથી કશું વળવાનું નથી. જેનાથી ચારિત્ર્યનું ઘડતર થાય, જેનાથી મનનું બળ વધે, જેનાથી બુદ્ધિ વિશાળ બને અને જેના વડે માણસ પોતાના પગ ઊભો રહી શકે તેવાં શિક્ષણની આપણને જરૂર છે. પશ્ચિમનું વિજ્ઞાન અને એની સાથે આપણું વેદાન્ત, પ્રેરક આદર્શ તરીકે બ્રહ્મચર્ય ને સાથે સાથે આત્મશ્રદ્ધા આટલાંની આપણને જરૂર છે.

ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસ ને દૈનિક ઉપયોગની વસ્તુઓનું યંત્રો દ્વારા ઉત્પાદન, એનું જ નામ સાચું શિક્ષણ ? જીવનના પ્રશ્નો શી રીતે ઉકેલવા એ શોધવામાં જે ઉપયોગી નીવડી શકે તેનું જ નામ ઉચ્ચશિક્ષણ. આ પ્રશ્નો આજના સભ્ય વિશ્વને ઊંડા વિચારમાં ગરકાવ કરી રહ્યા છે, પણ આપણા દેશમાં તો એ કોયડાઓનો ઉકેલ હજારો વર્ષ પહેલાં મળી ગયો હતો.



માણસમાં ગૂઢરૂપે રહેલી પૂર્ણતાનો જે આવિષ્કાર સાધી આપે તેનું નામ જ શિક્ષણ. ધર્મને હું શિક્ષણનું હાર્દ લેખું છું પણ ધ્યાનમાં રાખજો કે અહીં ધર્મ એટલે કે મારા કે બીજા કોઈના ધર્મ વિશેના વિચારો એવો અર્થ નથી. ધર્મ ધર્મ મુખ્ય વસ્તુ છે, બીજું બધું ગૌણ છે. પણ આપણને તો બધાની જ જરૂર છે.

## આદર્શ પદ્ધતિ

